*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसण मूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૦ : અંક ૮ મો )    તંત્રી : જગજીવન બાવચંદ દોશી    ( જેઠ : ૨૪૮૯

## વીંછીયાના વડવૃક્ષ નીચે



## ........ જ્યાં ૐકારના ભણકાર આવ્યા...

પરિવર્તન પહેલાં પૂ. ગુરુદેવ વીંછીયાના આ વડવૃક્ષ નીચે જઈને એકાંતમાં સ્વાધ્યાય-મંથન કરતા અને વીંછીયામાં પંચકલ્યાણક વખતે આદિનાથ પ્રભુનો દીક્ષાકલ્યાણક અહીં થયો હતો.

# વિ...વિ...ધ... વ...ર્ત...મા...ન

પૂ. ગુરુદેવના મંગલ વિહારના વિવિધ સમાચાર વીંછીયા સુધીના ગતાંકમાં આપ્યા છે; ત્યાર પછી વીંછીયા, લાઠી, સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણ, લીંબડી, દેહગામ, અમદાવાદ, દાહોદ, ભોપાલ, ભેલસા, ઇન્દોર, ઉજ્જૈન, સનાવદ, ખંડવા, પાવાગીર બડવાની, વગેરેના સમાચાર અહીં આપવામાં આવ્યા છે. ઝડપી પ્રવાસને કારણ સમાચારો ટૂંકમાં જ આપી શકાયા છે. – બ્ર. હરિલાલ જૈન.

**વીંછીયાઃ-** પૂ. ગુરુદેવ ચૈત્ર વદ આઠમે વીંછીયા નગરમાં પધાર્યા... સ્વાગત બાદ માંગળિકમાં કહ્યું કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે તેની ભાવના કરવી તે મંગળ છે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન..." એટલે કે પરભાવોથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ હું છું-એમ આત્માને જાણીને તેની ભાવના કરતાં સમ્યગ્દર્શન થાય છે, ને અતીન્દ્રિય આનંદ અનુભવાય છે-તે અપૂર્વ મંગળ છે; તેની ભાવનાથી જ સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર થાય છે, તથા તેની ભાવનાથી જ કેવળજ્ઞાન થાય છે, તે ઉત્કૃષ્ટ મંગળ છે, આવી આત્મભાવના કરવા જેવી છે. ચૈત્ર વદ દસમે ગુરુદેવ વીંછીયાના તે વડ વૃક્ષ નીચે પધાર્યા હતા કે જ્યાં તેઓશ્રી અગાઉ સ્વાધ્યાય-મનન કરવા જતા, રાત્રે લવ-કુશ વૈરાગ્યનો સંવાદ થયો હતો. બીજે દિવસે ભગવાન જિનદેવની રથયાત્રા નીકળી હતી. સોનગઢમાં (સં. ૧૯૯૭માં) દિ. જિનમંદિર થયું ત્યારબાદ સૌથી પહેલું જિનમંદિર વીંછીયામાં (સં. ૨૦૦૫માં) થયું. વીંછીયાનું જિનમંદિર સોનગઢના જૂના જિનમંદિરની જ લગભગ પ્રતિકૃતિ છે. વીંછીયા જિનમંદિરમાં મૂળનાયક ચંદ્રપ્રભ ભગવાન છે. વીંછીયાના પ્રવચનનો નમુનો આ અંકમાં આપવામાં આવ્યો છે, વીંછીયામાં ગુરુદેવ પધાર્યા તે પ્રસંગે જસદણમાં જિનમંદિર કરવાનું નક્કી થતાં ત્યાંના મુમુક્ષુઓને ઘણો હર્ષ થયો હતો.

## લાઠી શહેરમાં જિનમંદિરના શિખરની પ્રતિષ્ઠા અને ગુરુદેવનો મંગલ જન્મોત્સવ

ચૈત્ર વદ ૧૩ના રોજ પૂ. ગુરુદેવ લાઠી શહેર પધારતાં ભવ્ય સ્વાગત થયું. ૭૪ મંગલ કળશ સહિતનું સ્વાગત સરઘસ શોભતું હતું. સ્વાગત બાદ નૂતન સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરી (J. P.) ના સુહસ્તે થયું હતું. ઉદ્‌ઘાટન બાદ સ્વાધ્યાય મંદિરમાં માંગલિક સંભળાવતાં ગુરુદેવે કહ્યુઃ આ આત્મતત્ત્વનું ભાન થતાં મિથ્યાત્વ ટળે ને અપૂર્વ શાંતિ પ્રગટે તે મંગળ છે. આત્માનું ભાન થાય-એવી અધ્યાત્મની કથા સાંભળવી તે પણ મંગળ છે. તે કથા કેવી છે? અનંતકાળમાં એકક્ષણ પણ પ્રાપ્ત ન કરેલી એવી અપૂર્વ શાંતિ દેનારી છે. ધીરજથી ને પ્રેમથી અંતરના ચૈતન્યસ્વભાવ તરફ વલણ થાય એવી ચૈતન્ય કથાનું શ્રવણ પણ અપૂર્વ મંગળ છે. જુઓ, આજે આ

(અનુસંધાન પૃષ્ઠ ૨૦ પર)

दंसण मूलो धम्मो
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૦ : અંક ૮ મો ) તંત્રી : જગજીવન બાવચંદ દોશી ( જેઠ : ૨૪૮૯

# મોક્ષના મંડપમાં અપૂર્વ માંગલિક
# પધારો સિદ્ધભગવંતો ! મારા ચૈતન્ય આંગણે...

વૈશાખ સુદ સાતમના રોજ પૂ. ગુરુદેવ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જોરાવરનગર પધાર્યા, ભવ્ય સ્વાગત બાદ મહોત્સવના મંડપમાં માંગલિક તરીકે સિદ્ધ ભગવંતોનું સ્મરણ કરતાં ગુરુદેવે કહ્યું:

કુંદકુંદાચાર્યદેવ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિના સારરૂપ સમયસારમાં માંગળિક કરતાં કહે છે કે અનંતા સિદ્ધભગવંતોને નમસ્કાર. "वंदित्तु सव्व सिध्धे..." એટલે હું મારા અને શ્રોતાના જ્ઞાનમાં સિદ્ધભગવંતોનો આદર–સત્કાર કરીને તેમની પધરામણી કરું છું; એટલે કે હું મારા જ્ઞાનને શુદ્ધઆત્મા તરફ વાળીને પરભાવનો આદર છોડું છું. અશરીરી ચૈતન્યપરમાત્મા એવા સિદ્ધભગવંતો જે જન્મ–મરણરહિત અમૃતપદને પામ્યા તેમને હું મારા નિર્મળ જ્ઞાન આંગણામાં પધરાવું છું, ને હે શ્રોતાજનો તમે પણ તમારા જ્ઞાનમાં અમૃતથી ભરેલા અશરીરી સિદ્ધપદને સ્થાપો, એટલે કે તેનો જ્ઞાનમાં આદર કરો ને એ સિવાય બીજા ભાવોનો આદર જ્ઞાનમાંથી કાઢી નાખો. સિદ્ધપદને સાધવાના મંગલમંડપમાં સિદ્ધોનું સ્મરણ કરીને મારા ને તમારા જ્ઞાનમાં હું સિદ્ધભગવંતોને સ્થાપું છું. આ રીતે સિદ્ધભગવંતોને સ્થાપીને મોક્ષમંડપમાં પહેલવહેલું ઉત્કૃષ્ટમંગળના માણેકસ્થંભનું રોપણ કર્યું.

મંગળ એટલે જેનાથી સુખ મળે ને દુઃખ ટળે; જે પવિત્ર ભાવથી અંતરમાં આત્માના


આનંદનો ભણકાર જાગે એવા ભાવ તે મંગળ છે, અર્થાત્ સમ્યગ્દર્શનાદિ ભાવ તે મંગળ છે. અનંતા સિદ્ધ ભગવંતોને પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં પધરાવ્યા તે મંગળ થયું. સમયસારની શરૂઆતમાં જ આવું અપ્રતિહત મંગળ કરતાં આચાર્યદેવ કહે છે કે અરે ચૈતન્ય! જેવા સિદ્ધ ભગવાન છે એવો તારો આત્મા છે, સિદ્ધપદની સમૃદ્ધિ તારા અંતરમાં ભરી છે, અનંત જ્ઞાન–આનંદના નિધાન તારામાં પડયા છે; પણ પરના અહંકાર આડે તને તારા નિધાન દેખાતા નથી... એકવાર સિદ્ધભગવાનને તારા આત્મામાં ઉતારીને અંતરમાં નજર કર કે જેવા સિદ્ધ તેવો હું. મારા અને તારા આત્મામાં હું અનંત સિદ્ધોને પધરાવું છું કે પ્રભો! મારા આંગણે પધારો... વિભાવનો આદર છોડીને અને સ્વભાવનો સત્કાર કરીને હું મારા સિદ્ધપદને સાધવા નીકળ્યો છું; આ મારી મોક્ષલક્ષ્મીના સ્વયંવરનો મંડપ છે તેમાં હું અનંતા સિદ્ધોને આમંત્રુ છું. જેમ લગ્ન વખતે મોટા શેઠને સાથે રાખે છે કે જેથી કન્યા પાછી ન ફરે; તેમ અહીં શેઠ એટલે જગતમાં શ્રેષ્ઠ એવા સિદ્ધભગવંતોને સાથે રાખીને હું મોક્ષલક્ષ્મીને વરવા નીકળ્યો છું... મારા જ્ઞાનમ્રં અનંત સિદ્ધોને પધરાવ્યા... હવે મારી મોક્ષદશા ફરે નહિ. –આ રીતે મોક્ષના મંડપમાં મંગળ કર્યું.

**આત્માર્થીએ તો પ્રતિકુળતાના પહાડ ઓળંગીને**

**પણ આત્માને શોધવાનો છે.**

**દેવગુરુધર્મની સેવાના કાર્યોમાં જગતથી ડરવું નહીં, ને આત્માને શોધવાનું લક્ષ કોઈ પ્રસંગમાં ચૂકવું નહિ.**

# ... લીજીયે... ચૈતન્ય... વધાઈ...



વૈશાખ સુદ બીજના જન્મોત્સવની ઉમંગભરી વધાઈ પછી પ્રવચનમાં ગુરુદેવે ચૈતન્યના આનંદની અલૌકિક વધાઈ સંભળાવી... એ ચૈતન્યવધાઈ સાંભળતાં જ ભક્તજનોના હૈયા હર્ષથી નાચી ઊઠયા... અહીં પણ એ મંગલવધાઈ આપવામાં આવી છે... લીજીયે ચૈતન્ય વધાઈ!

(૧) ચૈતન્યના આનંદનો અનુભવ કેમ થાય ને અનાદિનું અજ્ઞાન કેમ ટળે તેની આ વાત છે.

(૨) ચૈતન્યભગવાન વિજ્ઞાનઘનસ્વરૂપ છે, રાગદ્વેષરૂપ મલિનતા તેના સ્વરૂપમાં નથી.

(૩) શાંતરસથી ભરેલા આત્માના અનુભવ પાસે ધર્માત્માને ઇન્દ્રના ઇન્દ્રાસન પણ તુચ્છ તરણાં જેવાં લાગે છે.

(૪) ચૈતન્યમાં આનંદ ભર્યો છે તેમાંથી જ સ્વસન્મુખતાવડે તે પ્રાપ્ત થાય છે.

(૫) પોતામાં જ્ઞાનઆનંદ ભર્યો છે પણ અજ્ઞાનથી તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે.

(૬) અહીં તે અજ્ઞાન ટળે ને સમ્યક્ આત્મઅનુભવ થાય–એવી અપૂર્વ વાત છે.

(૭) ભાઈ, તું તને જાણ. know Thy Self. પોતે પોતાને જાણે તો અપૂર્વ શાંતિ પ્રગટે.

(૮) ચૈતન્યનું જ્યાં આવું અપૂર્વ ભાન પ્રગટયું ત્યાં આત્મામાં અપૂર્વ સોનેરી પ્રભાત ખીલ્યું.

( ૯ ) ચૈંતન્યનો અનુભવ થતાં અતીન્દ્રિય આનંદથી ભરેલું મંગલ પ્રભાત ઊગ્યું, ને અનાદિના અજ્ઞાન અંધારા ટળ્યા.

( ૧૦ ) સમ્યગ્દર્શન થતાં આત્મામાં અપૂર્વ ધર્મનો અવતાર થયો... સિદ્ધના સન્દેશા આવ્યા.

( ૧૧ ) આત્મા બહારના પદાર્થો વગર આનંદસ્વભાવથી ભરેલો છે, તેમાંથી જ સુખ પ્રગટે છે.

( ૧૨ ) અજ્ઞાની સ્વસુખને ભૂલીને બહારના અનંત પદાર્થોને સુખનું કારણ માને છે, તેમાં અનંત આકુળતા છે.

( ૧૩ ) બહારમાં સુખ એ તો કલ્પના જ છે, સુખ તો આત્માના સ્વભાવમાં ભર્યું છે.

( ૧૪ ) જેમ હાથી ચુરમું અને ઘાસના સ્વાદને ભેળસેળ કરીને વિવેક વગર ખાય છે, તેમ પશુ જેવો અજ્ઞાની ચૈતન્યના અને રાગના સ્વાદને એકમેક વેદે છે.

( ૧૫ ) ચૈતન્યના આનંદના શાંતરસના સ્વાદને ભૂલીને અજ્ઞાનીને રાગનો રંગ ચડી ગયો છે.

( ૧૬ ) ધર્માત્માને ચૈતન્યનો રંગ ચડયો છે, ચૈતન્યના સ્વાદ પાસે રાગનો રસ તેને છૂટી ગયો છે.

( ૧૭ ) અરે, આવો મનુષ્ય અવતાર અનંતકાળે મળ્યો છે તેમાં આ વસ્તુ સમજે તો સફળતા છે.

( ૧૮ ) આત્માને સમજવાનો અંદરમાં રંગ લાગવો જોઈએ. ચૈતન્યનો રંગ લાગે તો રાગનો રંગ ઊડી જાય.

( ૧૯ ) આત્માની અનુભૂતિનો સ્વાદ અત્યંત મધુર છે... જગતના કોઈ પદાર્થોમાં એવો સ્વાદ નથી.

( ૨૦ ) અજ્ઞાની રાગના સ્વાદને આત્માના ચૈતન્યરસનો સ્વાદ માને છે, તેને ચૈતન્યના મધુર વીતરાગી સ્વાદની ખબર નથી.

( ૨૧ ) જેમ દારૂના ઘેનમાં પડેલો માણસ શીખંડમાં દહીં અને સાકરના જાુદા સ્વાદને જાણતો નથી, તેમ મોહની મૂર્છામાં પડેલા અજ્ઞાનીને ચૈતન્યનો આનંદસ્વાદ અને રાગનો આકુળસ્વાદ–તેની ભિન્નતાની ખબર નથી.

( ૨૨ ) પણ જ્યાં ભિન્નતાનું ભાન થયું ત્યાં એવો અનુભવ થયો કે અહો, આ મારા ચૈતન્યનો સ્વાદ રાગથી જાુદો, અચિંત્ય છે, આવો ચૈતન્ય સ્વાદ પૂર્વે કદી અનુભવમાં આવ્યો નહોતો.

( ૨૩ ) અનુભવ થતાં આત્મામાં અપૂર્વ બીજ ઊગી... તે હવે પૂર્ણ કળાએ ખીલીને કેવળજ્ઞાન થયે જ છૂટકો.

( ૨૪ ) આવા અનુભવ વગર બીજા ગમે તેટલા સાધન કરે તોપણ તેમાં ધર્મની ગંધ પણ નથી.

( ૨૫ ) અરે, એક માખી જેવું પ્રાણી પણ ફટકડી ઉપર બેસે ને મીઠો સ્વાદ તેમાં ન આવે તો તેને છોડી દે છે, ને સાકરમાંથી મીઠો સ્વાદ આવતાં તેના ઉપર તે બેસે છે... આટલો સ્વાદભેદનો વિવેક માખીને પણ છે. તો અરે જીવ! રાગમાં તો આકુળતા છે, તેમાં કાંઈ ચૈતન્યનો મધુર સ્વાદ નથી. માટે તેના ઉપરથી તું તારી રુચિ છોડ... આત્મામાં ઉપયોગ મુક્તાં તેમાંથી અતીન્દ્રિય શાંતિનો મધુરસ્વાદ આવે છે માટે તેમાં તારા ઉપયોગને જોડ.

( ૨૬ ) ચૈતન્યના અને રાગના સ્વાદનો વિવેક કરીને જેણે આત્મામાં ઉપયોગ જોડયો તેને સમ્યક્‌બોધીબીજ ઊગી ને અપૂર્વ આનંદનો સ્વાદ આવ્યો.

( ૨૭ ) ચૈતન્યના આનંદનો સ્વાદ આવ્યો ને તેમાં રુચિ લાગી, ત્યાં ધર્માત્મા જગતની પ્રતિકૂળતાના ગંજને પણ ગણતો નથી.

( ૨૮ ) ધર્માત્માએ અંતર્મુખ થઈને પોતાના ચૈતન્યનું અવલંબન લીધું છે. તે ચૈતન્યના અવલંબને પોતાની પરમાત્મદશાને સાધે છે.

( ૨૯ ) જ્યાં સમ્યક્ ભાન થયું ત્યાં આત્મામાં બોધીબીજ ઊગી... આત્મામાં આનંદના અંકૂશની ધારા વહેવા લાગી.

( ૩૦ ) મારા આત્માના સ્વાદમાં દુનિયાની પ્રતિકૂળતા મને ડરાવી શકે નહિ કે અનુકૂળતા મને ઓગાળી શકે નહિ.

( ૩૧ ) આવી જ્ઞાનબીજ જેને ઊગી તે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પૂર્ણ પરમાત્મા થઈ જશે.

( ૩૨ ) ચૈતન્યના ભાન વગર અજ્ઞાનથી પરમાં કર્તૃત્વબુદ્ધિ કરી કરીને બહિર્વલણથી જીવો દુઃખી થાય છે.

( ૩૩ ) જેમ હરણીયાં અજ્ઞાનથી જ ઝાંઝવાને જળ માનીને પીવા દોડે છે ને દુઃખી થાય છે; તેમ જીવો અજ્ઞાનથી જ પરમાં કર્તૃત્વ માનીને, અને રાગ સાથે કર્તાકર્મપણે પ્રવર્તતા થકા દુઃખી થાય છે.

( ૩૪ ) ત્રિકાળી ચિદાનંદસ્વરૂપ આત્મા પોતે છે તેના ભાનના અભાવે અજ્ઞાની આકુળતામાં ( રાગમાં ) શાંતિ શોધે છે, –પણ અનંતકાળેય રાગમાંથી શાંતિ મળવાની નથી.

( ૩૫ ) અરે જીવ ! ઝાંઝવાને પાણી માનીને તું દોડયો... ઘણું દોડયો... છતાં ઠંડી હવા પણ ન આવી. તું વિચાર તો કર કે જો ત્યાં ખરેખર પાણી હોય તો હજી ઠંડી હવા પણ કેમ ન આવી ? તેમ અનાદિથી અજ્ઞાની રાગમાં શાંતિ માને છે, પણ ભાઈ ! તું વિચાર તો કર કે હજી તને ચૈતન્યની ઠંડી હવા પણ કેમ ન આવી ?

( ૩૬ ) ચૈતન્યના સ્વભાવમાં શાંતિ છે તેને જો લક્ષમાં લ્યે તો અનંતકાળમાં પ્રાપ્ત ન થયેલી એવી શાંતિની ઠંડી હવા પોતાને અંતરથી આવે.

( ૩૭ ) તરસ્યા હરણાં મૃગજળમાં પાણી માનીને ઉલટા દુઃખી થાય છે, તેમ આકુળતામાં ( રાગમાં ) એકાકાર વર્તતા અજ્ઞાની જીવો શુભાશુભ રાગમાં શાંતિ માનીને ઉલટા દુઃખને જ વેદે છે.

( ૩૮ ) જો મૃગજળથી તરસ્યા હરણાંની તરસ છીપે તો શુભરાગમાંથી અજ્ઞાનીને શાંતિ મળે.

( ૩૯a ) રાગમાં ચૈતન્યપ્રકાશ નથી, ને ચૈતન્યપ્રકાશમાં રાગરૂપ અંધકાર નથી; એમ બન્નેની ભિન્નતા છે.

( ૩૯b )જેમ પ્રકાશમાં અંધકાર નથી, તેમ ચૈતન્યમાં રાગ નથીઃ અને જેમ અંધકારમાં પ્રકાશ નથી તેમ રાગમાં ચૈતન્ય નથી.

( ૪૦ ) જેમ અંધકાર અને પ્રકાશ ભિન્ન છે, તેમ રાગ અને ચૈતન્ય બન્ને ભિન્ન છે.

( ૪૧ ) અજ્ઞાની જ્ઞાનને ભૂલીને પરભાવના કર્તાપણે વર્તે છે, તે તેનો મોહ છે.

( ૪૨ ) આચાર્યદેવ કહે છે કે આત્મા તો જ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનથી બીજું શું કરે ?

( ૪૩ ) જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાન સિવાય બીજા કોઈ પરભાવને કરે–એ અજ્ઞાનીઓની મોહ છે ?

( ૪૪ ) પરનો તો કર્તા અજ્ઞાની પણ થઈ શકતો નથી. અજ્ઞાની માત્ર પોતાના મોહભાવને કરે છે.

( ૪૫ ) અરે ભાઈ, તારો આત્મા જ્ઞાન છે... તે જ્ઞાનને તું રાગથી ભિન્ન જાણ.

( ૪૬ ) અહો, આ તો જન્મ–મરણના ફેરામાંથી છૂટવું હોય–એની વાત છે.

( ૪૭ ) આ તો સંતોના અંતરઅનુભવમાંથી નીતરતું પરમ સત્ય છે.

( ૪૮ ) ચૈતન્યની આવી પરમ સત્ય વાત સાંભળતાં તેનો આદર થાય–તેમાં પણ રાગની ઘણી મંદતા થઈ જાય છે, ને તેમાં ઊંચા પુણ્ય સહેજે બંધાઈ જાય છે. પણ આત્માર્થીને રાગનો પ્રેમ નથી.

( ૪૯ ) ચૈતન્યસ્વભાવનું બહુમાન કરીને તેના નિર્ણયનો ને અનુભવનો ઉદ્યમ કરવો તે મૂળ વસ્તુ છે.

( ૫૦ ) સ્વભાવના બહુમાનમાં વચ્ચે ઊંચા પુણ્ય બંધાય તે તો અનાજના કણસલાં જેવા છે, તેના ઉપર ધર્મીનું લક્ષ નથી. જેમ સારા ખેડૂતનું લક્ષ અનાજ ઉપર છે તેમ ધર્મીનું લક્ષ ચૈતન્ય સ્વભાવ ઉપર છે.

( ૫૧ ) અજ્ઞાનીએ સ્વભાવમાં જવા માટે રાગનું અવલંબન માન્યું છે, સંતો તેનો નિષેધ કરે છે કે અરે ભઈ ! તને રાગનું શરણ નથી, રાગથી જાુદું પરિણમતું જ્ઞાન જ તને શરણરૂપ છે. માટે એવા જ્ઞાનને તું જાણ.

( ૫૨ ) અરે શ્રોતાઓ ! તમારા જ્ઞાનમાં અમે અનંતા સિદ્ધોને પધરાવીએ છીએ.

( ૫૩ ) આ વાત તારા કાળજામાં બેસતાં તારું લક્ષ જ્ઞાન ઉપર જ રહેશે, એટલે રાગાદિનો આદર નહિ રહે; એટલે અલ્પકાળે રાગને ટાળીને તું પણ સિદ્ધ થઈ જઈશ.

( ૫૪ ) જો આત્માનું સ્વરૂપ સત્યપણે સમજે તો તે સત્ય સમજણમાં અનુભૂતિનો આનંદ આવ્યા વિના રહે નહિ.

( ૫૫ ) ભગવાનના સેવક સંતો જાગ્યા તેઓ ભગવાનના આડતીઆ તરીકે જગતને ભગવાનનો સંદેશ સંભળાવે છે.

( ૫૬ ) અરે જીવો ! રાગથી જાુદા પડીને તમે તમારા ચૈતન્યમાં પ્રવેશ કરો... ચૈતન્યમાં આરોહણ કરો.

( ૫૭ ) અધર્મ કાળમાં વિકારનું વેદન હતું, હવે ધર્મકાળમાં એનાથી કોઈ જુદું જ ( ચૈતન્યરસનું ) આનંદમય વેદન થયું.

( ૫૮ ) ભાઈ, રાગનો ઉત્સાહ છોડીને ચૈતન્યનો ઉત્સાહ કર; એકવાર ચૈતન્યનો ઉત્સાહ કરીને અંતરમાં વળ્યો કે ભવથી બેડો પાર !

( ૫૯ ) ભાઈ, આ ભવના અંત કરવાના ટાણા આવ્યા છે. તેમાં અનંત સંત મહંત કહે છે એવા આત્માનું ભાન તો કર.

( ૬૦ ) ધર્માત્માને લગની લાગી છે ચૈતન્યની; ચૈતન્યના રંગ પાસે જગતના રંગ તેને ફિક્કા લાગે છે.

( ૬૧ ) રાગથી ભિન્ન ચૈતન્યની પ્રતીત કરીને તેણે પોતાના આંગણે ચૈતન્ય પરમાત્માને પધરાવ્યા છે.

( ૬૨ ) અહા, જેના આંગણે પરમાત્મા પધાર્યા તે હવે પરભાવના કર્તૃત્વમાં કેમ રોકાય ? ક્યાં પરમાત્મા ને ક્યાં પરભાવ ?

( ૬૩ ) સંત–મહંત કહે છે કે સિદ્ધપ્રભુના તેડા આવ્યા છે, અમે તો હવે સિદ્ધોની મંડળીમાં ભળ્યા છીએ.

( ૬૪ ) ઉપયોગને રાગથી જાુદો કરીને અંતર ચૈતન્યમાં વાળ્યો ત્યાં અપૂર્વ ધર્મનો અવતાર થયો.

( ૬૫ ) ભાઈ, જીવનમાં આવું આત્મભાન કરવું–તેમાં જીવનની સફળતા છે; એના વગર તો બધુંય હા–હો ને હરીફાઈ છે.

( ૬૬ ) અરે ચૈતન્ય પ્રભુ ! તારી પ્રભુતા તારા ચૈતન્યધામમાં છે, રાગમાં તારી પ્રભુતા નથી.

( ૬૭ ) અનાકુળ ચૈતન્ય ભાવનું વેદન થાય–તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

( ૬૮ ) ધર્માત્મા રાગરૂપી મલિનતાથી ભિન્ન પડીને ચૈતન્યના નિર્વિકલ્પ વેદનરૂપ શાંત જળને પીએ છે.

( ૬૯ ) સ્વ–પરનું ભેદજ્ઞાન થતાં ધીર અને ગંભીર જ્ઞાનજ્યોતિ પ્રગટે છે, ને રાગ સાથે કર્તાકર્મપણારૂપ મોહગાંઠ તૂટી જાય છે.

( ૭૦ ) ધર્માત્માને અંતરથી ચૈતન્યસ્વાદ આવ્યો તેમાં એવી નિઃશંકતા છે કે હવે અલ્પકાળે પરમાત્મા થશું.

( ૭૧ ) ચૈતન્યનો નિર્ધાર કરીને સ્વરૂપસન્મુખ થતાં રાગથી જાુદો નિર્વિકલ્પ આનંદ અનુભવાય છે, એનું નામ ધર્મ છે.

( ૭૨ ) ભાઈ, અનંતાજાુગ વિભાવના પંથમાં વીત્યા પણ તારી પ્રભુતા તને પ્રાપ્ત ન થઈ; તારી પ્રભુતા તો તારા અંતરમાં ચૈતન્યથી ભરપૂર છે, તેનું અવલોકન કર તો પ્રભુતાનો પંથ હાથમાં આવે.


( ૭૩ ) સમ્યગ્દર્શન થતાં ભગવાન આત્મા પોતે પોતાના અનુભવમાં પ્રસિદ્ધ થયો કે હું તો જ્ઞાન છું; રાગનું વેદન તે હું નથી.

( ૭૪ ) આવા ચૈતન્યના સ્વસંવેદનથી જ્યાં સમ્યગ્દર્શનરૂપ બીજ ઊગી ત્યાં આત્મામાં ચૈતન્યની અપૂર્વ મંગલ વધાઈ આવી, ને તે હવે વધી વધીને પૂર્ણ કેવળજ્ઞાન થશે.

## જન્મવધાઈ દિને આવી ચૈતન્યવધાઈ

## દાતાર ગુરુદેવનો જય હો.

# ર... ત્ન... વૃ... ષ્ટિ



**જોરાવરનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સાત દિવસ સુધી પ્રવચનમાં ગુરુદેવના શ્રીમુખેથી જે અમૃતમય રત્નધારા વરસી તે રત્નવૃષ્ટિમાંથી વીણેલા ૧૦૧ રત્નો અહીં આપવામાં આવ્યા છે.**

૧. આત્મા ચૈતન્ય–આનંદનું પૂર છે, તેની સમીપતામાં જ્ઞાન–આનંદનાં વહેણ વહે છે. રાગનાં વહેણ તો ચૈતન્યથી દૂર છે. ભાઈ, તારી શાંતિની તૃષા છીપાવે એવા ચૈતન્યવહેણ તો તારી પાસે જ છે. રાગનાં વહેણ દૂર છે, તેનામાં તારી તૃષા છીપાવવાની તાકાત નથી.

૨. ભાઈ, તારું સ્વચ્છ ચૈતન્યઝરણું–જેમાંથી આનંદનાં વહેણ વહે છે, તેમાં રાગના રંગ નથી. ચૈતન્યની નિર્મળતામાં રાગના રંગ નથી.

૩. ચૈતન્યસ્વરૂપ આત્મા શું ને રાગ શું તેની ભિન્નતાનો નિર્ણય તે નિર્વાણનો માર્ગ છે.

૪. જેણે અંતર્વેદનથી રાગ અને ચૈતન્યના સ્વાદનો ભેદ પાડયો તેણે રાગના કર્તૃત્વરૂપ અજ્ઞાનભૂમિકા છોડીને ચૈતન્યના આનંદમય જ્ઞાનભૂમિકામાં પ્રવેશ કર્યો.

૫. ચિદાનંદ તત્ત્વનું ભાન થતાં ધર્માત્માને રાગ તરફનો પક્ષઘાત થયો છે (–તેનો પક્ષ હણાઈ ગયો છે) ને ચૈતન્યસ્વભાવ તરફનો પક્ષપાત થયો છે, –તે તરફ પરિણતિ વળી છે.

૬. અરે ચૈતન્ય! તને તારા અંતરના આનંદનો સ્વાદ ન આવે ને એકલા વિકારના ઝેરનો સ્વાદ તું લે, તો આવો મનુષ્ય અવતાર પામીને તેં શું કર્યું?

૭. જ્યાં રાગથી ભિન્ન ચૈતન્યનો સ્વાદ અંતરમાં આવ્યો ત્યાં જ્ઞાનના વહેણ જ્ઞાન તરફ વળ્યા ને વિભાવથી

પાછા ફર્યાં. એક ક્ષણમાં એ ધર્માત્માનું લક્ષ ફર્યું, પક્ષ ફર્યો, પરિણમનની દિશા ફરી, દશા ફરી; બહિર્મુખ દિશા છૂટી ને અંતર્મુખ દિશા થઈ; સ્વભાવનું લક્ષ થયું ને વિકારનો પક્ષ છૂટયો.

૮. આવું સમ્યક્ આત્મભાન સ્વર્ગના દેવો કરી શકે, નરકના નારકી પણ કરી શકે, અરે, તિર્યંચ–ઢોર પણ કરી શકે, તો મનુષ્યો કરી શકે એમાં શું આશ્ચર્ય!

૯. અનાદિથી અજ્ઞાનદશામાં વિકાર સાથે મેળ હતો, તેની પ્રીતિ હતી, પણ સમ્યગ્જ્ઞાન થતાં વિકાર સાથેનો મેળ તૂટી ગયો ને સ્વભાવ સાથે સગાઈ થઈ; સ્વભાવની પ્રીતિ થઈ ને વિકારની પ્રીતિ તૂટી.

૧૦. સમ્યગ્જ્ઞાનને અને વિકારને મેળ નથી એટલે કે કર્તાકર્મરૂપ એકતાનો સંબંધ તેમને નથી. સમ્યગ્જ્ઞાનને તો ચૈતન્યના આનંદ વગેરે અનંતગુણો સાથે મળે છે.

૧૧. અરે આત્મા! તારા ચૈતન્યધામમાં અનંતગુણ સહિત તારી પ્રભુતા ભરી છે, નિર્મળજ્ઞાનવડે તેનો પ્રેમ કર... નિર્મળ જ્ઞાનવડે તેનો સ્વાનુભવ કર. આવો સ્વાનુભવ થતાં આત્મામાં ધર્મનો અવતાર થાય છે, અપૂર્વ તીર્થની શરૂઆત થાય છે.

૧૨. પહાડ જેવડી ચૈતન્યપ્રભુતા અંતરમાં પડી છે પણ તરણાં જેવા તુચ્છ વિકારની રુચિ આડે એ પ્રભુતાનો પહાડ અજ્ઞાનીને દેખાતો નથી. જ્ઞાનદ્રષ્ટિથી અંતરમાં નજર કરે તો પ્રભુ પોતાનાથી વેગળા નથી, પોતામાં જ પોતાની પ્રભુતા ભરી છે.

૧૩. અનાદિથી આત્મસ્વભાવને ભૂલીને રાગથી ચૈતન્યનિધાનને મિથ્યાત્વનાં તાળાં માર્યાં હતા, તે તાળાં ભેદજ્ઞાનના ઉપદેશવડે શ્રીગુરુએ ખોલ્યા, ત્યાં ચિદાનંદની ત્રિવેણી (–શ્રદ્ધા–જ્ઞાન–આનંદની ત્રિવેણી) હાથ આવી... હવે આત્મા મોક્ષના પંથે ચડયો... તેને હવે બંધન થતું નથી... તે બંધભાવથી જુદો ને જુદો જ રહે છે.

૧૪. જે અનંત તીર્થંકરો થયા, થાય છે ને થશે તેઓ દીક્ષા પહેલાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને રાગથી ભિન્ન જાણીને તેની ભાવના ભાવતા હતા.

૧૫. સમ્યગ્દર્શનપૂર્વક ચૈતન્યમાં લઈન થઈને પૂર્ણ પરમાત્મદશાની એવી ભાવના ભાવતા હતા કે–

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ સંબંધનું બંધન તીક્ષણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.

૧૬. અહો, મહત્ પુરુષો એવા સિદ્ધ ભગવંતો અને તીર્થંકરો જે ચૈતન્યપંથે વિચર્યા તે પંથે અમે વિચરીએ એવો ધન્ય અવસર ક્યારે આવે! એવી ભાવના ગૃહસ્થપણામાં તીર્થંકર ભાવતા હતા.

૧૭. જન્મ–મરણના દુઃખોથી ભયભીત થઈને ચૈતન્યના અમૃતની ભાવના ભાવતા ભાવતા તીર્થંકરો પણ સંસાર છોડીને ચૈતન્યને સાધવા વનમાં ચાલી નીકળ્યા.

૧૮. અમૃતના અનુભવરૂપ દીક્ષા ભગવાન મહાવીરે આજે અંગીકાર કરીને સંસારના રાગના બંધનને તોડી નાંખ્યા.

૧૯. અરે, આ રાગાદિ ભાવો તે અમે નહિ, અમે તો શુદ્ધ ચૈતન્યસિંધુ છીએ, –તેમાં લીન થઈને અતીન્દ્રિય આનંદની છોળો ઊછળે. એવી ધન્યદશાને ભગવાન ભાવતા હતા; ને આજે ભગવાને એવી દશા પ્રગટ કરી.

૨૦. ભગવાને મુનિ થઈને શું કર્યું? ભગવાન કારણ પરમાત્માનું ધ્યાન કરતા હતા. પરમાત્મદશારૂપ જે મોક્ષકાર્ય, તેના કારણરૂપ એવો જે ચિદાનંદ સ્વભાવ તેનું ધ્યાન ભગવાન કરતા હતા.

૨૧. ભગવાન મહાવીર પહેલેથી બાલબ્રહ્મચારી હતા, સ્ત્રીના રાગનું બંધન તેમને હતું જ નહિ; માતા–પિતાના રાગને પણ તોડીને ભગવાન આજે મુનિ થયા ને મુનિદશામાં ત્રીસ વર્ષ સુધી ભગવાને આત્મધ્યાન કર્યું. આત્મ લગનીમાં આહારાદિની વૃત્તિ છૂટી ગઈ તેનું નામ તપ.

૨૨. કેવી હતી મુનિપણામાં ભગવાનની પરિણતિ? તો કહે છે કે–

રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.

આત્માના પરમાત્મસ્વભાવની ભાવના કરતા કરતા ભગવાન રાગ દશાને ઉલ્લંઘી ગયા. શુભરાગના કણિયાને છોડીને ભગવાન અપ્રમત્ત આત્મધ્યાનમાં લીન થઈને ચૈતન્યના અતીન્દ્રિય આનંદમાં મશગુલ થયા. ત્યારે એક સાથે સાતમું ગુણસ્થાન તેમજ ચોથું જ્ઞાન તેમને પ્રગટયું.

૨૩. અકષાયી ચિદાનંદ સ્વરૂપને સાધતા સાધતા ભગવાન એવી ભાવનારૂપે પરિણમી થયા છે કે–

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો.
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો.

ક્રોધ–માન–માયા–લોભથી પાર ચિદાનંદ તત્ત્વના શાંતરસનાં વેદનમાં ભગવાન મશગુલ થયા. –એનું નામ મુનિદશા.

૨૪. મુનિદશામાં ઝુલતા ભગવાન જગતથી ઉદાસીન થયા છે, ક્રોધાદિ તે અમારા સ્વભાવમાં નથી; અમે તો ક્ષમાના ને શાંતરસના ભંડાર છીએ. ઉપસર્ગ અને પરિષહોને સાક્ષીભાવે સહન કરવા અમે તૈયાર છીએ, –આવી દશા ભગવાનને વર્તતી હતી.

૨૫. અરે, કેવળજ્ઞાન પાસે અમારી પામરતા છે. પણ અમે દીન નથી, અમે તો ચૈતન્યના સાધક સંત છીએ–મુનિ છીએ. જગતની અનુકૂળતા કે પ્રતિકૂળતા ઉપર રાગ–દ્વેષ કરવાનું અમારામાં નથી. અમારો કારણ પરમાત્મા જ અમારું અવલંબન છે, તેના અવલંબને અમારી પરમાત્મદશા પ્રગટશે.

૨૬. વળી ભગવાનની મુનિદશા કેવી હતી? તેની ભાવના ભાવતાં દીક્ષાવનમાં ગુરુદેવ ઘણા વૈરાગ્યરસથી કહે છે કે–

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં;
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.

અહો, આવી મુનિદશાની ભાવના ભાવવા જેવી છે.

૨૭. વળી, એ ધન્યદશાની ભાવનાને ઉત્કૃષ્ટપણે મલાવતાં ગુરુદેવ કહે છે કે–

એકાકિ વિચરતો વળી સ્માશાનમાં,
વળી પર્વતમાં સિંહ વાઘ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

૨૮. અરે, આવા આત્મધ્યાનમાં ક્યારે મગ્ન થશું? ચૈતન્યના આનંદના અમૃતકુંડમાં ક્યારે લીન થશું? શાંતિનાથ વગેરે તીર્થંકરો ચક્રવર્તીના વૈભવ વચ્ચે રહેલા ત્યારે પણ આવી ભાવના ભાવતા હતા.

૨૯. પછી ભગવાનને વૈરાગ્ય થતાં જ્યારે દીક્ષા લ્યે છે ને પાછળ સ્ત્રીઓ વિલાપ કરે છે ત્યારે ભગવાન કહે છે કેઃ અરે, રાણીઓ હું મારા રાગને કારણે રોકાયો હતો; મારો એ રાગ હવે મરી ગયો છે. હવે અમે કોઈના બંધનમાં અટકવાના નથી. અરે, રાણીઓ! તમારા રાગના વિલાપ અમને ઓગાળી શકશે નહિ કે અમને રોકી શકશે નહિ.

૩૦. ચૈતન્યના આનંદમાં લીન થતો આત્મા જ્યાં વૈરાગ્યથી ઊછળ્યો ત્યાં જગતના પરિષહોની પ્રતિકૂળતા તેને બાળી શકશે નહિ, કે જગતની અનુકૂળતાના ગંજ તેને ગાળી શકશે નહિ.

૩૧. મહાવીર ભગવાન તો બાલબ્રહ્મચારી હતા. દીક્ષા વખતે માતાને આઘાત લાગે છે ત્યારે કહે છે કે હે માતા! તમે રજા આપો! તમે પુત્રમોહને છોડો. આ સંસારમાં કોણ પુત્ર ને કોણ માતા! અમે તો અમારી શુદ્ધપરિણતિરૂપી માતા પાસે જશું ને કેવળજ્ઞાનરૂપ પુત્ર થશું. પછી માતા પણ રજા આપે છે કે પુત્ર! ધન્ય તારો અવતાર! ને ધન્ય તારી ભાવના!! તીર્થંકર થઈને જગતનો ઉદ્ધાર કરવા તારો અવતાર છે.

૩૨. ભગવાન મહાવીરે આજે અસ્થિરતાનો રાગ તોડીને ચિદાનંદસ્વરૂપમાં લીનતારૂપ મુનિદશા પ્રગટ કરી.

૩૩. ભગવાન તીર્થંકરપરમાત્મા મહાવિદેહમાં અત્યારે સાક્ષાત્ બિરાજે છે, તેમની સભામાં ગણધરો બેસે છે, ત્યાં સંતોનાં ને મુનિઓનાં ટોળાં છે ને ભગવાનની વાણીમાં ધર્મના ધોધ છૂટે છે.

૩૪. ભગવાને શું કહ્યું ? જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા તરફ ઝૂકવાનું ભગવાને કહ્યું છે. એના સિવાય બીજું બધું જીવ અનંતવાર કરી ચૂક્યો, પણ એ રાગની ક્રિયાઓથી કિંચિત્ કલ્યાણ ન થયું.

૩૫. જેને ભવનો ભય લાગ્યો છે એવો જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે પ્રભો ! ભવભ્રમણના કારણરૂપ આ અજ્ઞાન કેમ ટળે ? એવા શિષ્યને આચાર્યદેવે ભેદજ્ઞાનની અપૂર્વ વાત સમજાવી છે.

૩૬. જુઓ ભાઈ, રાગની વાત તો જગતમાં બધેય ચાલે છે, પણ અહીં ભગવાનની દુકાને તો આત્માનો મોક્ષ કેમ થાય તેની વાત છે.

૩૭. ચૈતન્ય શું ને રાગ શું એની ભિન્નતાના ભાનવડે જે સમ્યક્ત્વના અંકુરા ઊગ્યા તે વધીને પૂર્ણાનંદમય પરમાત્મદશા પ્રગટી જશે.

૩૮. રાગમાં જાગૃતિભાવ નથી, તેનામાં ચૈતન્યના સ્વસંવેદનની તાકાત નથી, તે રાગને રાગ તરીકે પણ જ્ઞાન જ જાણે છે. જ્ઞાન જાગૃત છે, જ્ઞાનમાં જ સ્વસંવેદનની ને સ્વ-પરને જાણવાની તાકાત છે. એમ ઓળખીને જ્ઞાન જ્ઞાનપણે પરિણમ્યું ત્યાં અજ્ઞાનનો નાશ થઈ ગયો છે.

૩૯. રાગને રાગનીયે ખબર નથી ને જ્ઞાનનીયે ખબર નથી. જ્ઞાનને જ્ઞાનનીયે ખબર છે ને રાગને ય તે જાણે છે; માટે જ્ઞાન જાગૃત સ્વરૂપ છે, ને રાગ અજાગૃત-અચેતન છે. તે રાગને ચૈતન્યભાવથી ભિન્નતા છે. આવી ઓળખાણ વડે રાગથી જુદો પડીને જ્ઞાનનો અનુભવ લીધો ત્યાં રાગાતીત અતીન્દ્રિય ચૈતન્ય સ્વાદ આવ્યો, એટલે ભેદજ્ઞાન થયું, ને અજ્ઞાન ટળ્યું.

૪૦. ભાઈ, દિવસ થોડો, -જીવનના ઘણા વર્ષો તો વીતી ગયા ને થોડા રહ્યા, તેમાં આ વાત સમજીને આત્માનું કલ્યાણ કરવા જેવું છે. અરે, નાની ઉંમરમાં પણ બધાયે પહેલેથી આ કરવા જેવું છે.

૪૧. સંતો કરુણાબુદ્ધિથી જગતને સમજાવી રહ્યા છે કે અરે આત્મા ! પરમાં કર્તૃત્વની તારી બુદ્ધિ તે દુઃખની ખાણ છે, તે પાપની ખાણ છે; અરે, રાગની વૃત્તિ પણ દુઃખરૂપ છે, તેની કર્તૃત્વબુદ્ધિ પણ દુઃખનું મૂળ છે. તારે શાંતિ ને સમ્યગ્દર્શન જોઈતું હોય તો પરથી ભિન્ન ને રાગથી પાર જ્ઞાનતત્ત્વ અંતરમાં શું છે તેને લક્ષમાં લે તો તારા દુઃખ ટળે ને ભવના અંત આવે.

૪૨. સંસારભ્રમણથી થાકીને જે શિષ્યનો પોકાર સંત પાસે થયો, તે શિષ્યને સંત ભવના અંતની વાત સમજાવે છે.

૪૩. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનો કંદ છે, તે કોઈ રાગનું કારણ નથી, તેમજ રાગનું તે કાર્ય પણ નથી, એટલે રાગ વડે ચૈતન્યનો અનુભવ થાય નહિ; તેમજ ચૈતન્યતત્ત્વ સુખનું સાગર છે. તે દુઃખનું અકારણ છે.

૪૪. સંતોના હૃદયની વાત શું છે-તેનો પરિચય જીવે કદી કર્યો નથી. અરે, યથાર્થબુદ્ધિથી તેનું શ્રવણ પણ કર્યું નથી ને એકક્ષણ પણ કદી તેનો અનુભવ કર્યો નથી. આ વાત પ્રથમ નિર્ધારમાં લાવવી તેમાં પણ કોઈ અપૂર્વ પુરુષાર્થ છે. સમ્યક્ નિર્ધાર તે નિર્વાણનો માર્ગ છે.

૪૫. પછી અનુભવદશામાં તો વીતરાગી શમરસના ઝરણાં ઝરે છે, નિર્વિકલ્પ સુધારસને આત્મા ચૂસે છે. મુનિદશામાં એવા આનંદરસનો અનુભવ ઘણો વધી ગયો છે, એ તો મોક્ષની ઉગ્ર સાધકદશા છે.

૪૬. શુદ્ધતાનો પિંડ આત્મા, ને અશુદ્ધ એવા રાગાદિભાવો, સુખનો પિંડ આત્મા, ને દુઃખનું કારણ એવા રાગાદિભાવો, ચૈતન્ય સાથે એકમેક એવો આત્મા, ને ચૈતન્યથી વિપરીત એવા રાગાદિ ભાવો-એ બંનેને અત્યંત ભિન્નતા છે.

૪૭. આત્માનો અને વિકારનો લક્ષણભેદ જાણીીને તેમને જુદા જાણવા, -કઈ રીતે ? -કે આત્માના સ્વભાવ તરફ ઝૂકવું ને વિકારભાવોમાં એકતાબુદ્ધિ છોડવી.

૪૮. પ્રભુ! આ તારી પ્રભુતાની વાત છે. આ પરમાત્મપુરાણ વંચાય છે; સાત દિવસની પરમાત્માની પારાયણ બેઠી છે.

૪૯. સાધકભક્તો કહે છેઃ હે ભગવાન! આપના કહેલા સ્યાદ્વાદને મેં અત્યારસુધી જાણ્યો ન હતો; પણ હવે તેનું ભાન થતાં વિકારથી ભિન્ન મારું ચિદાનંદતત્ત્વ મને ભાસ્યું, ને તેની રુચિ થઈ, આસ્રવ–બંધ ભાવોને મારાથી વિપરીત વિભાવરૂપ સમજીને હવે તેની રુચિ મેં છોડી. –આ રીતે હે નાથ! આપના માર્ગની મને પ્રાપ્તિ થઈ.

૫૦. અજ્ઞાનદશામાં પોતાની ભૂલ પર ઉપર ઢોળીને, બીજાનો વાંક કાઢીને મેં ઘોર અપરાધ કર્યો, ને મારા સ્વભાવને તેમજ મારી ભૂલને હું ભૂલ્યો, પણ હે પ્રભો! હવે આપના ઉપદેશથી મારી ભૂલ મને સમજાણી ને ભૂલ વગરનો–વિકાર વગરનો મારો સ્વભાવ મેં જોયો–એટલે આપનો કહેલો જૈનધર્મ શું છે તે હવે મેં જાણ્યું.

૫૧. જૈનધર્મ કર્મવાદી નથી, પણ આત્મવાદી છે; તે આત્માની અનંતશક્તિ બતાવીને, કર્મને આત્માથી ભિન્ન બતાવે છે. કર્મ છે ખરું પણ કર્મ જ જીવને રાગાદિ કરાવે છે–એ વાત જૈનદર્શનમાં નથી.

૫૨. વિકાર કરે પોતે ને દોષ ઢોળે કર્મ ઉપર, એટલે પોતે તો મહંત રહેવા માગે છે ને પોતાની ભૂલ બીજા ઉપર નાખે છે; તો એ મોટી અનીતિ કરે છે. જૈનધર્મને સમજે તો એવી અનીતિ સંભવે નહિ, – એમ પં. ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે.

૫૩. હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું–એવો અભિપ્રાય જામી જાય, ને 'રાગાદિ હું' –એવી તન્મયબુદ્ધિ છૂટી જાય–એનું નામ ભેદજ્ઞાન છે.

૫૪. તે ભેદજ્ઞાનના કાળે આત્માના પરિણમનની દિશા પલટી જાય છેઃ જેમ કોઈ માણસ અજાણપણે કોઈને સ્ત્રી સમજીને વિકાર કરતો હોય, પણ જ્યાં ભાન થયું કે આ તો મારી માતા છે. –અરે, મારી જનેતા! એમ ભાન થતાં વિકારબુદ્ધિ છૂટી જાય છે ને માતા પ્રત્યેનો નિર્વિકાર આદરભાવ જાગે છે. તેમ અજ્ઞાનભાવે રાગાદિ વિકારને પોતાની સ્વપરિણતિ સમજીને તેના પ્રત્યે લીનતાથી રુચિ–પ્રેમ કરતો હતો, પણ જ્યાં ભાન થયું કે અરે, હું તો ચૈતન્ય, આ રાગ હું નહિ–એવું ભાન થતાં વેંત જ ફડાક કરતી વિકારના પ્રેમની બુદ્ધિ છૂટી જાય છે ને ચૈતન્ય સ્વભાવ પ્રત્યે નિર્વિકાર પ્રેમ અને આદર જાગે છે. આ રીતે અભિપ્રાય પલટતાં વેંત જ પરિણતિની દિશા પલટી જાય છે. સ્વભાવ તરફ ઝૂકવાનો અને વિકારથી પાછા વળવાનો એક જ કાળ છે.

૫૫. જેમ સતિના હૃદયમાં બીજો પતિ હોય નહિ; તેમ સાધક સંતના હૃદયમાં વિકારની પ્રીતિ સ્વપ્નેય હોય નહિ.

૫૬. ભાઈ, સંતો તને તારા સ્વભાવની અપૂર્વ વાત સમજાવીને મોક્ષનાં તિલક કરે છે. સિદ્ધપદને સાધવાના આ અવસર આવ્યા છે.

૫૭. પ્રભો! વિકારની રુચિ છોડીને સ્વભાવને સાધવાનો આ કાળ છે. 'હમણાં નહિ ને પછી કરશું' એવી મુદત ન મારીશ.

૫૮. અરે, આવા અવસરમાં જો આત્મભાન ન કર્યું ને બીજા શુભના કાર્યો ગમે તેટલા કર્યા તો પણ તેણે કાંઈ કર્યું નથી, તેના હાથમાં કાંઈ નહિ આવે. અને જેણે ભેદજ્ઞાન પ્રગટ કર્યું તેણે બધું કર્યું, તેના હાથમાં સિદ્ધ ભગવાન આવી જવાના.

૫૯. કુંદકુંદચાર્યદેવ પ્રવચનસારની શરૂઆતમાં કહે છે કે ચારિત્રદશા અંગીકાર કરીને હું મારી મોક્ષલક્ષ્મીને વરવા નીકળ્યો છું તેમાં અનંતા સિદ્ધ ભગવંતોને મેં મારી સાથે રાખ્યા છે. હવે મારી મોક્ષદશા પ્રાપ્ત કરવામાં વચ્ચે વિઘ્ન આવે નહિ. અપ્રતિહતપણે મોક્ષદશા લીધે છૂટકો.

૬૦. અંતર્વૃત્તિમાં આનંદ છે, બહિર્વૃત્તિમાં દુઃખ છે. એવો ભેદ જ્યાં જાણ્યો ત્યાં અંતર્વૃત્તિ થઈ ને રાગની પ્રીતિરૂપ બહિર્વૃત્તિ છૂટી.

૬૧. જો અંતર્વૃત્તિ ન થાય ને બહિર્વૃત્તિ ન છૂટે

તો તેણે ખરેખર આત્માના આનંદસ્વભાવને અને રાગાદિના દુઃખપણાને જાણ્યું જ નથી.
૬૨. જ્યાં ચિદાનંદનો પ્રેમ જાગ્યો ને રાગનો પ્રેમ છૂટયો ત્યાં નિર્વિકાર સમ્યગ્જ્ઞાનપ્રકાશથી આત્મા ઝળહળી ઊઠયો–એનું નામ ભેદજ્ઞાન ને તે અપૂર્વ ધર્મ છે.
૬૩. ભગવાન મહાવીર પરમાત્માને આજે (પંચકલ્યાણકમાં) કેવળજ્ઞાન થયું. આજે વૈ. સુદ ૧૨માં વૈ. સુ. ૧૦ નો આરોપ કરીને આજે જ કેવળજ્ઞાન થયું–એમ સ્થાપવામાં આવે છે.
૬૪. કેવળજ્ઞાન પછી ૬૬ દિવસે ભગવાનની વાણી અખંડ સર્વપ્રદેશેથી નીકળી. તે અખંડ રહસ્ય લેતી આવે છે.
૬૫. તે વાણી ઝીલીને ગણધર ભગવાને બારઅંગ સૂત્રરૂપે ગૂંથી. તેમાં છ દ્રવ્ય, નવતત્ત્વો વગેરેનું સ્વરૂપ સમજાવ્યું છે. ને તેનો બધાનો સાર શુદ્ધઆત્મા છે–એમ બતાવ્યું છે.
૬૬. ભગવાનની વાણીમાં દરેક પદાર્થની સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર, તેનામાં પોતપોતાના અનંત ગુણો સ્વતંત્ર, ને તેની સમયસમયની પર્યાય સ્વતઃ સિદ્ધ સ્વતંત્ર છે. આવી સ્વતંત્રતામાં સ્વદ્રવ્યનો આશ્રય છે, તે ભગવાનની વાણીનો સાર છે.
૬૭. શાંતિથી આત્માર્થી થઈને જે નિજહિત કરવા માગતો હોય તેને માટે ભગવાનનો ઉપદેશ છે, ભગવાનનો ઉપદેશ ચૌગતિને હરનારો ને સિદ્ધપદને દેનારો છે.
૬૮. જગતના બધાય તત્ત્વો સ્વકાર્ય સહિત છે, તેથી બીજો કોઈ તેના કાર્યને કરે એમ બનતું નથી. એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ કાર્ય કરે એવી વસ્તુની મર્યાદા નથી.
૬૯. હવે, અંદરમાં શુભાશુભભાવ થાય તેની મર્યાદા પણ વિકાર જેટલી છે, ધર્મમાં તેનો જરાય પ્રવેશ નથી. એટલે તે શુભાશુભભાવ વડે ધર્મ થાય એમ બનતું નથી.
૭૦. અજ્ઞાની રાગને નિજકાર્ય માનીને તેનો આદર કરે છે ને ચિદાનંદ સ્વભાવનો અનાદર કરે છે. એનું નામ અધર્મ છે.
૭૧. ભાઈ, સાંભળ! વિકારના સ્વાદમાં તારા ચૈતન્યની મીઠાશ નથી, શાંતિ નથી, તેમાં તો આકુળતા છે. તારો ચૈતન્યસ્વાદ એનાથી જુદો છે, તેમાં નિરાકુળ શાંતિ છે.
૭૨. જેને ચૈતન્યનો સ્વાદ લાગ્યો તેની રુચિ બીજા સ્વાદના વેદનમાંથી હટી જાય છે ને ચૈતન્યસ્વાદનો જ આદર–સત્કાર–પ્રીતિ–રુચિ તેને થાય છે. એનું નામ ભેદજ્ઞાન.
૭૩. આવું ભેદજ્ઞાન થતાં અનાદિનું અજ્ઞાન છૂટી જાય છે, જેણે આવું ભેદજ્ઞાન કર્યું તે મોક્ષના માર્ગમાં આવ્યો, તે ભગવાનના પંથમાં આવ્યો.
૭૪. ભગવાન આત્મા આનંદતત્ત્વ છે, રાગાદિ વિકાર તે દુઃખ છે. –એ બંનેના લક્ષણો અત્યંત જુદે જુદા છે.
૭૫. પ્રત્યક્ષ સ્વસંવેદનથી આત્મા પોતે પોતાને અનુભવમાં આવે એવી પ્રકાશ શક્તિ આત્મામાં છે. તેન સ્વસંવેદન માટે રાગનું અવલંબન નથી. સમ્યગ્દર્શન થતાં જ્ઞાની પોતાના આત્માને રાગના અવલંબન વગર સ્વયં પ્રત્યક્ષ સ્પષ્ટ અનુભવે છે; એ અનુભવ નિઃશંક છે, અતીન્દ્રિય છે. એવો અનુભવ થતાં સંસારની જડ ઊખડી જાય છે, ને મોક્ષના માણેકસ્થંભ રોપાય છે.
૭૬. જ્યાં જ્ઞાનની રુચિ કરીને જ્ઞાનસ્વભાવ તરફ જ જ્ઞાન વળ્યું ત્યાં કર્મબંધન અટકી ગયું. જ્ઞાનની રુચિ થઈ ત્યાં કર્મબંધન અટકી ગયું.
૭૭. જો જ્ઞાનમાં રાગનો આદર હોય તો તે જ્ઞાન ખરેખર જ્ઞાન જ નથી પણ અજ્ઞાન જ છે. જ્ઞાન જ્યારે પુણ્ય–પાપથી જુદું પડીને સ્વભાવમાં એકતાપણે પ્રવર્તે ત્યારે જ તે ખરું જ્ઞાન છે, ને જ્ઞાનમાં આસ્રવોનો અભાવ જ છે, તે જ્ઞાનને બંધન નથી.
૭૮. ભાઈ, ભગવાન ચૈતન્યરાજા અનાદિથી રીસાણો છે તેને રીઝવવાની આ વાત છે. વિકાર પરિણતિરૂપ કુલટાની પ્રીતિ કરતાં સમ્યક્ પરિણતિ રીસાઈ ગઈ છે; ચિદાનંદ સ્વભાવનો આદર કરવો ને રાગનો આદર છોડવો તે સમ્યક્પરિણતિને રીઝાવવાની રીત છે.

૭૯. અહા, જુઓ તો ખરા આ વીતરાગની વાણી! ચૈતન્યનો અભ્યાસ ન હોય એટલે અઘરું લાગે, પણ પોતાના સ્વઘરની વાત છે તે સત્સમાગમે ચૈતન્યના પરિચયથી સુગમ થાય છે.

૮૦. ભગવાન કહે છે કે સાંભળ! મોક્ષપુરીના પંથમાં તારે અમારી સાથે આવવું હોય તો ચિદાનંદસ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ કરજે. અમારા સાર્થવાહમાં પુરુષાર્થહીન જીવોનું કામ નથી. સ્વસન્મુખ પુરુષાર્થનો અમારો પંથ છે.

૮૧. રાગનો આદર કરીને જે જીવ અટકયો ને ચૈતન્ય સ્વભાવ તરફનો પુરુષાર્થ ન કર્યો તે જીવ કાયર છે, એવા કાયર જીવોનું અમારા માર્ગમાં કામ નથી.

૮૨. રાગને મોક્ષનું સાધન માનીને તેમાં જે એકત્વબુદ્ધિથી અટકી જાય છે ને રાગથી ભિન્ન જ્ઞાનને ઓળખતા નથી –એવા જીવો ક્રિયાકાંડમાં કે શુષ્કજ્ઞાનમાં જ રાચે છે.

૮૩. આત્મા જ્ઞાતા છે, તેમાં અંતર્મુખ થતાં રાગથી ભિન્ન પરિણમન થાય છે. એવા જ્ઞાનપરિણમનને જ અહીં ભેદજ્ઞાન કહ્યું છે.

૮૪. જે જ્ઞાન દુઃખરૂપ આસ્રવોથી છૂટીને આત્માના આનંદમાં આવ્યું ન હોય તેને જ્ઞાન કહેતા નથી, તે અજ્ઞાન જ છે.

૮૫. જે ભેદજ્ઞાન છે તે ચૈતન્યસ્વભાવ તરફ વળેલું છે ને આસ્રવો આસ્રવોથી પાછું વળેલું છે. – એવું જ્ઞાન તે મોક્ષનું કારણ છે.

૮૬. જ્ઞાનની વાતો કરે પણ જ્ઞાનરૂપ પરિણમન ન કરે તો તે જીવ શુષ્કજ્ઞાની છે. એક ક્ષણનું ભેદજ્ઞાન જીવને અપૂર્વ આનંદનો અનુભવ કરાવે છે, ને અલ્પકાળમાં મોક્ષ પમાડે છે.

૮૭. ચૈતન્યની ગતિ અગાધ છે, તે અગાધગતિનો પાર રાગથી પામતો નથી. વ્રત–તપ વગેરે રાગનું ફળ તો સંસારમાં જ છે, તે કાંઈ મોક્ષનું સાધન થતું નથી.

૮૮. અંતરસ્વભાવ તરફ વળેલું જ્ઞાન જ મોક્ષનું કારણ થાય છે. તે જ્ઞાન બંધભાવોથી છૂટું પડયું છે ને આનંદમાં એકમેક થયું છે. જ્ઞાન તેને કહેવાય કે જે આસ્રવોથી નિવર્તે ને સ્વભાવમાં પ્રવર્તે.

૮૯. પરપરિણતિને છોડતું ને ચિદાનંદ તત્ત્વને વેદતું જે જ્ઞાન પ્રગટ થયું, અહો! તે જ્ઞાનમાં વિકાર સાથે કર્તાકર્મપણાનો અવકાશ ક્યાં છે? અને તેને બંધન પણ કેમ હોય? તે જ્ઞાન વિકારનું અકર્તા થઈને અબંધપણે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે; તે કલ્યાણરૂપ છે ને તે મોક્ષનું સાધન છે.

૯૦. જુઓ, આ પંચકલ્યાણકમાં આત્માના કલ્યાણની અપૂર્વ વાત છે. જેણે આ વાત સમજીને પોતામાં આવું ભેદજ્ઞાન પ્રગટ કર્યું તેણે પોતામાં અપૂર્વ મંગલ કલ્યાણ કર્યું.

૯૧. અરે, આ ચાર ગતિનાં દુઃખો તે કેમ ટળે ને ચૈતન્યની શીતળ શાંતિનો સ્વાદ કેમ આવે –તેની વાત જીવે કદી પ્રીતિથી સાંભળી નથી. એકવાર આ વાત સાંભળીને લક્ષગત કરે તો અલ્પકાળમાં ભવનો અંત આવી જાય, ને પરમાનંદ દશા પ્રાપ્ત થાય.

૯૨. ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચીર. જુઓ, આ ધર્માત્મા ધોબી ભેદજ્ઞાનરૂપ સાબુ વડે, ચૈતન્યના પરમ શાંત રસરૂપ જળથી નિજગુણરૂપી વસ્ત્રો ધોઈને ઉજવળદશા પ્રગટ કરે છે.

૯૩. ભેદજ્ઞાનની ભાવના વડે મોહના મેલને ધર્માત્માએ ધોઈ નાખ્યો છે, અંદરમાં પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યરસથી ભરેલો અનુભવે છે; તે સમ્યક્ વિદ્યા છે.

૯૪. ભેદજ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. રાગ અને ચૈતન્યની ભિન્નતાના વેદનરૂપ ભેદજ્ઞાન તે જ મોક્ષના સાધનરૂપ સાચું જ્ઞાન છે; એના વિના વકીલ–ડોકટર વગેરે બધાનાં ભણતર તે કુજ્ઞાન છે; અરે, શાસ્ત્રનાં ભણતરને પણ ભેદજ્ઞાન વગર સમ્યગ્જ્ઞાન કહેતા નથી.

૯૫. ભાઈ, ભેદજ્ઞાન વગર બીજા બધા સાધન ( શુભરાગના ) તેં અનંતવાર કર્યા પણ તેનાથી તારું કલ્યાણ કિંચિત્ ન થયું. તો હવે સંત પાસે જઈને કલ્યાણનો સાચો માર્ગ અંતરમાં શોધ.

૯૬. નિજસ્વરૂપને ભૂલીને અજ્ઞાની અનંતકાળથી ચારગતિમાં હેરાન થઈ રહ્યો છે, તેને સંત–મહંત સમજાવે છે કે હે જીવ ! તારા નિજઘરમાં તો આનંદ ભર્યો છે, વિકાર તારા નિજઘરમાં ભર્યો નથી માટે અંતરમાં ઉપયોગ મૂક તો તને તારા આનંદનું સંવેદન થાય.

૯૭. આ ચૈતન્યભગવાન આત્મા વિકારથી પોતાની ભિન્નતાનું જ્ઞાન કરીને જ્યાં જાગ્યો ત્યાં તે જ્ઞાતા જ રહે છે–જ્ઞાનભાવમાં જ તન્મયપણે પરિણમે છે, વિકારમાં જરાય તન્મય તે થતો નથી.

૯૮. સમ્યગ્દ્રષ્ટિના અંતરમાં જ્ઞાનસૂર્ય ઝળક્યો, તેના ચૈતન્યપ્રકાશમાં વિકારરૂપી અંધકાર હોય નહિ. જેમ સૂર્યમાં અંધકારનું કર્તૃત્વ નથી, તેમ જ્ઞાનપ્રકાશી ચૈતન્યસૂર્યમાં વિકારનું કર્તૃત્વ નથી.

૯૯. જ્યાં આવું ભેદજ્ઞાન કરતો ભગવાન આત્મા જાગ્યો ત્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો ને કર્મો સાથેનો સંબંધ તૂટી ગયો. આત્મા નિજપરિણતિમાં રમવા લાગ્યો.

૧૦૦. અહા, ભેદજ્ઞાન થયું... ને... આત્મામાં શાંતિનો સાગર ઉછળ્યો... સમરસનો સ્વાદ અનુભવમાં આવ્યો... આત્મા જાણે સિદ્ધભગવાનની પંક્તિમાં બેઠો. અહા, આવી જ્ઞાનકળા જેના ઘટમાં જાગી તે ધર્માત્મા જગતમાં સહજ વૈરાગી છે, એનો આત્મા વૈરાગ્યરસમાં પરિણમી ગયો છે, હવે જગતના વિષયોમાં તેની રુચિ લાગે નહિ. –આવા સાક્ષાત્ ધર્માત્માની ઓળખાણ પણ ઘણી પાત્રતાથી કોઈ ભાગ્યવાન જીવોને થાય છે.

૧૦૧. ધર્માત્માને નિજગુણનો રંગ લાગ્યો તેમાં હવે કદી ભંગ પડવાનો નથી. રાગ સાથેની એકતાને તોડતો ચૈતન્ય ભગવાન જાગ્યો તે નિજગુણરૂપી રત્નોને સાધતો પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટ કરીને પરમાત્મા થાય છે.

**જોરાવરનગરમાં પંચકલ્યાણક પ્રસંગે અધ્યાત્મ-રત્નોની જોસદાર વૃષ્ટિ કરીને ચૈતન્ય રત્નની પ્રાપ્તિના કિમિચ્છક દાન દેનાર ભારતના અજોડ રત્ન કહાનગુરુને નમસ્કાર હો.**

---

## સૂ... ક્ષ્મ... બુ... દ્ધિ

સૂક્ષ્મબુદ્ધિ તેને કહેવાય કે જે બુદ્ધિ અંતર્મુખ થઈને અતીન્દ્રિયસ્વભાવ તરફ ઝૂકે. સ્થૂળ પરભાવોમાં વર્તે તે બુદ્ધિ સૂક્ષ્મ નથી. ઘણી જ ધીરજથી, ઘણી જ નિરાકુળતાથી જ્ઞાનને અંતરમાં વાળીને ચૈતન્યનો બોધ કરે તે જ સૂક્ષ્મબુદ્ધિ છે. સૂક્ષ્મબુદ્ધિ કહો કે સમ્યક્બુદ્ધિ કહો, અમાપ જ્ઞાનનું માપ એવી સૂક્ષ્મબુદ્ધિથી જ આવી શકે છે.

( પ્રવચનમાંથી )

# પ્રભો ! તારા પંથે આવું છું

**( વીંછીયાના પ્રવચનમાંથીઃ ચૈત્ર વદ ૧૧, સં. ૨૦૦૯ )**

卐

જેને ધર્મ કરવો છે, જેને શુદ્ધાત્માનો અનુભવ કરવાની ધગશ જાગી છે, એવા શિષ્યને આચાર્યદેવ તેની રીત બતાવે છે. ભાઈ, જે આ બંધન અને અશુદ્ધતાના ભાવો છે તે ક્ષણિક અને ઉપર–ઉપરના અવસ્થા પૂરતા છે, તે કાંઈ તારા મૂળ ચિદાનંદસ્વભાવ સાથે એકમેક નથી; તેથી શુદ્ધનયવડે અંદર ભૂતાર્થ સ્વભાવની સમીપ જતાં તે અશુદ્ધતા રહિત આત્માનો અનુભવ થાય છે. શુદ્ધનયના અનુભવમાં તે અશુદ્ધભાવો, ભેદો કે સંયોગો ભેગા આવતા નથી. શુદ્ધાત્માની અનુભૂતિનો માર્ગ જુદો છે ને બંધનનો માર્ગ જુદો છે. નવે તત્ત્વના માર્ગ એટલે નવે તત્ત્વના લક્ષણ ભિન્નભિન્ન કહેવામાં આવ્યા છે.

ભગવાન! તારો સ્વભાવ એકાંત બોધબીજરૂપ છે; એવા સ્વભાવની પાસે જા... તો તને શુદ્ધાત્માની અનુભૂતિ થશે. ભાઈ, બીજું તો તેં અનંતવાર કર્યું પણ આવા આત્માની અનુભૂતિ પૂર્વે કદી કરી નથી. તારે જન્મ–મરણના ફેરા મટાડવા હોય તો આવા આત્માનું અવલોકન કર. અંતરમાં જો... તો ત્યાં અંધારા નથી, અંદર તો ચૈતન્ય પ્રકાશનો પૂંજ છે–જે સ્વયં બધાને જાણે છે. ‘અધારું છે’ –એમ જાણનાર પોતે અંધારારૂપ છે કે ચૈતન્ય પ્રકાશરૂપ છે? ચૈતન્ય પ્રકાશ વગર અંધારાને જાણ્યું કોણે? અહીં તો આચાર્યદેવ કહે છે કે ભાઈ, એકવાર શુદ્ધનયવડે વિભાવથી જુદો પડીને સ્વભાવમાં એકાકાર થા તો તારો આત્મા તને શુદ્ધપણે અનુભવમાં આવશે.

આવો મનુષ્ય અવતાર પામીને સત્સમાગમે આત્માની ઓળખાણ કરવા જેવી છે. આત્માનું ભાન સૂક્ષ્મ અને અપૂર્વ છે, પરંતુ પાત્ર થઈને અંતરની રુચિવડે સત્સમાગમે જે કરવા માગે તેને આત્માનું ભાન થઈ શકે છે. જુઓ ભાઈ, સ્ત્રીપર્યાયમાં આઠ વર્ષની બાળાને પણ આવું આત્મજ્ઞાન થઈ શકે છે. આત્મા ક્યાં સ્ત્રી કે પુરુષ છે? અત્યારે પણ અમુક આત્મા છે કે સ્ત્રી પર્યાયમાં હોવા છતાં આત્માનું અલૌકિક ભાન અને પૂર્વ ભવનું જ્ઞાન વર્તે છે... ‘અમે સ્ત્રી છીએ, અમારાથી ન થઈ શકે’ એમ ન માનવું જોઈએ. આત્મામાં અનંતી તાકાત છે. ઘણીવાર કહેવાય છે કેઃ–

**જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ, કેવળી બોલે એમ;**

**પ્રગટ અનુભવ આત્મા... નિર્મળ કરો... સપ્રેમ રે...**

**ચૈતન્યપ્રભુ! પ્રભુતા તારી રે તારા ધામમાં...**

અંતરના ચૈતન્યધામમાં અનંતગુણની પ્રભુતા ભરેલી છે... સર્વજ્ઞતા ને પૂર્ણ આનંદ પ્રગટે છે તે ક્યાંથી આવે છે? અંદરના સ્વભાવમાં તાકાત ભરી છે તેમાંથી જ તે પ્રગટે છે. જ્યાં ભર્યું હોય ત્યાંથી પ્રગટે. માટે હે જીવ! તું એમ શ્રદ્ધા કર કે આવા પોતાના સ્વભાવમાં દ્રષ્ટિ દેવા જેવી છે. પહેલાં આ વાત લક્ષમાં લે... વિચારમાં લે... ને અંદર અનુભવમાં લે... તો તને અપૂર્વ શાંતિ ને આનંદ થાય.

તારા જ્ઞાનનો અનુભવ તારા જ્ઞાનવડે જ થાય છે, બીજા વડે થતો નથી. જેમ શરીરના ટાઢા–ઉના સ્પર્શનો

અનુભવ શરીરના જ અંગરૂપ એવા આંગળાવડે થાય છે, પણ લાકડાવડે કે નખવડે તે જણાતો નથી. તેમ જ્ઞાનશરીરી ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ ઇન્દ્રિયોવડે કે રાગવડે થતો નથી, પણ જ્ઞાનના જ અંશરૂપ એવા સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાનવડે જ તે અનુભવ થાય છે. જડ ઇન્દ્રિયો તો લાકડા જેવી છે, તેના વડે ચૈતન્યનો સ્પર્શ થતો નથી. રાગ તે પણ ચૈતન્યનું ખરું અંગ નથી, તે તો વધેલા નખ જેવો વિકાર છે. પણ ઇન્દ્રિયોથી પાર ને રાગથી જુદું એવું જે એકલું જ્ઞાન તેના વડે જ્ઞાનનો અતીન્દ્રિયસ્વાદ વેદનમાં આવે છે. જડની ક્રિયા તો ચૈતન્યસ્વભાવથી અત્યંત દૂર છે, ને શુભ વિકલ્પ પણ ચૈતન્યસ્વભાવથી દૂર છે, તેમના વડે સ્વભાવની સમીપ જવાતું નથી, સ્વભાવની સમીપ તો શુદ્ધનયરૂપી જ્ઞાનવડે જ જવાય છે. આવો અનુભવ કરવા માટે અંદર પહેલાં જિજ્ઞાસા જાગવી જોઈએ; આવા અનુભવનો માર્ગ દેખાડનારા દેવ કેવા હોય, તેવો અનુભવ કરનારા સાધક સંતો કેવા હોય, ને રાગાદિ રહિત વીતરાગભાવરૂપ ધર્મ કેવો હોય? તેની પોતાને ઓળખાણ હોવી જોઈએ. અહા, જેમ નિર્મળ સ્ફટિકની મૂર્તિ હોય તેમાં ડાઘ ન હોય, તેમ ભગવાન આત્મા નિર્મળ ચૈતન્યબિંબ છે, તેમાં કષાયનો અભાવ છે –આવા સ્વભાવના અનુભવથી જે અકષાયી શાંતદશા ખીલે તેનું નામ ધર્મ છે. તેમાં પુણ્ય–પાપના કષાયભાવોની ઉપાધિ નથી. ચોથા ગુણસ્થાનેથી જ સમકિતી જીવ આવી દશા પામે છે.

અરે, અત્યારે તો આ ભરતક્ષેત્રમાં સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડયા! બે હજાર વર્ષ પહેલાં આચાર્ય કુંદકુંદદેવ મહાન દિગંબર સંત હતા, તેઓ મદ્રાસ પાસે પોન્નૂરહીલ ઉપર રહેતા ને ત્યાં જ્ઞાનધ્યાન કરતા; ત્યાંથી તેઓ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા સાક્ષાત્ તીર્થંકર બિરાજે છે– તેમની પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા ને ભગવાનની ૐકારવાણી સાંભળીને પછી આ સમયસાર વગેરે મહાનશાસ્ત્રો રચ્યા છે. દેહથી ભિન્ન ચૈતન્યગોળાના આનંદમાં ઝુલતાઝુલતા તેમણે આ શાસ્ત્રો રચ્યા છે. આ બધી વાત સાક્ષાત્ પૂરાવા સહિત પ્રમાણ થયેલી છે, પણ અત્યારે સિદ્ધ કરવા ન બેસાય. અહીં તો આત્માનો અનુભવ કેમ થાય તે વાત બતાવે છે. અરે, આ ભરતક્ષેત્રમાં અત્યારે ભગવંતોનો વિરહ... તત્ત્વરસિક જીવો પણ થોડા–ગણ્યા ગાંઠયા... ચૈતન્યને કેમ ઓળખવું ને કેમ અનુભવવું તેની રસિકતાવાળા જીવો બહુ થોડા છે... ને તત્ત્વમાં વિઘ્ન નાંખનારા જીવો ઘણા... હે જિનદેવ! હે વિદેહીનાથ! આવો વિખવાદ ભરતક્ષેત્રમાં વર્તી રહ્યો છે, આપ તો તે બધું જાણો છો... તેમાંથી માર્ગ કાઢીને પ્રભુ! તારા પંથે આવું છું... ચૈતન્યસ્વભાવની સમીપતા કરીને તારા માર્ગને સાધું છું.

અહા, પરમ ચૈતન્યનિધાન અંતરમાં સાક્ષાત્ મોજાુદ પડયું છે, પણ વિકારની રુચિમાં અટકેલા જીવો તે નિધાનને ઉલ્લંઘી જાય છે... જગતના નાથ ચૈતન્ય ભગવાન વિકારની રુચિમાં આંધળો થઈને જગતમાં ભટકી રહ્યો છે... જ્ઞાની ગુરુ સંત શુદ્ધનયવડે તેની આંખ ખોલે છે કે દેખ રે દેખ! આ તારા ચૈતન્યનિધાનને તારામાં દેખ. અહા, આ વીતરાગની વાણી ચૈતન્યના નિધાન દેખાડે છે–

વચનામૃત વીતરાગનાં... પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગનાં... કાયરને પ્રતિકૂળ.

વીતરાગની વાણી ઝીલીને જે અંતર્મુખ થાય તેને સમ્યગ્દર્શન થાય ને અપૂર્વ આનંદનો અનુભવ થાય... એનાં અનાદિના ઝેર ઊતરી જાય. સમ્યગ્દર્શન પૂર્ણાનંદસ્વરૂપ આખા આત્માને પ્રતીતમાં લઈ લ્યે છે. આવા સ્વભાવના અનુભવનો અંતરમાં અભ્યાસ કરવો તે પ્રભુતાના પંથ છે. એવા અંતર્અનુભવ વડે જ સર્વજ્ઞ પ્રભુના પંથે જવાય છે.

# વિ...વિ...ધ.... ....વ...ર્ત...મા...ન

### ટાઈટલ પેજ બીજાનું અનુસંધાન

સ્વાધ્યાય મંદિરનું વાસ્તુ છે. ખરું આનંદનું મંદિર તો આત્મા છે. ચૈતન્યની શાંતિના મહેલમાં એક ક્ષણ પણ પ્રવેશ કરે, –અરે, એમાં પ્રવેશવાની વાર્તાનું પ્રીતિથી શ્રવણ કરે ને રુચિમાં લ્યે તે પણ મંગળ છે. ભગવાન અર્હન્તો અને સિદ્ધો પરમાત્મા થયા–પૂર્ણ જ્ઞાન–આનંદને પામ્યા, તેમની સાથે આ આત્માને મેળવીને, વિકારની રુચિ ટાળવી ને સ્વભાવથી રુચિ કરવી–શ્રદ્ધા કરવી–અનુભૂતિ કરવી તે અપૂર્વ ચૈતન્ય વાસ્તુ છે, ને તે મંગળ છે.” ગુરુદેવના શ્રીમુખથી આવું માંગળિક સાંભળીને સૌને પ્રસન્નતા થઈ હતી ત્યારબાદ લાઠીના સંઘે ભાઈશ્રી નવનીતલાલભાઈનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે નવનીતલાલભાઈ તરફથી રૂા. ૨૫૦૧ ) લાઠી–સ્વાધ્યાય મંદિરને અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભક્તિ–ભજનનો કાર્યક્રમ હતો.

લાઠીમાં દિ. જિનમંદિર સં. ૨૦૦૫માં થયું હતું. હાલ તેના ઉપર નવું શિખર થયું છે. તેથી જિનમંદિરના શિખરની પ્રતિષ્ઠાનો ઉત્સવ પણ ગુરુદેવની છાયામાં ઊજવાયો. તે પ્રસંગે ચૈત્ર વદ ૧૪ના રોજ અનેક વિધિ સાથે “ચોસઠ ૠદ્ધિમંડલ પૂજન વિધાન” થયું હતું. આ મંડલવિધાન પહેલી જ વાર થતું હોવાથી ઉત્સાહપૂર્વક થયું હતું. ચૈત્ર વદ અમાસે ઈન્દ્રિ પ્રતિષ્ઠા, યાગમંડલ, જલયાત્રા તથા કલશ વગેરેની શુદ્ધિનો કાર્યક્રમ હતો. વૈશાખ સુદ એકમની સવારમાં શ્રી જિનમંદિરના નુતન શિખર ઉપર કલશ તથા ધ્વજારોહણ થયું હતું. પ્રથમ પૂ. ગુરુદેવે મંગલહસ્તે શિખર, કલશ તથા ધ્વજ ઉપર સ્વસ્તિક કર્યો હતો. ત્યારબાદ મુંબઈ મંડળના પ્રમુખ ભાઈશ્રી મણિલાલ જેઠાલાલ શેઠ અને તેમના બંધુઓના હસ્તે કલશારોહણ થયું હતું, તથા ધ્વજારોહણ ભાઈશ્રી ચંપકભાઈ ડગલી તરફથી થયું હતું પછી પરમાગમ સમયસારમાં ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને, શેઠશ્રી પુરણચંદજીના હસ્તે સ્વાધ્યાયમંદિરમાં તેની સ્થાપના થઈ હતી. અને પછી જિનદેવ તથા જિનવાણીનું પૂજન થયું હતું. આમ આનંદોલ્લાસપૂર્વક જિનમંદિરના શિખર–કળશ–ધ્વજની પ્રતિષ્ઠા તથા સમયસારની સ્થાપનાનો ઉત્સવ ઊજવાયો હતો. આ પ્રસંગની ખુશાલીમાં ભાઈશ્રી મણીલાલભાઈ તરફથી રૂા. ૨૫૦૧/– ચંપકભાઈ ડગલી તરફથી રૂા. ૧૫૦૧/– તથા પુરણચંદજી શેઠ તરફથી રૂા. ૨૫૦૧/– અર્પણ કરવામાં આવ્યા હતા. બપોરના પ્રવચન પછી જિનેન્દ્રદેવની રથયાત્રા ધામધૂમપૂર્વક ઉત્સાહથી નીકળી હતી.

વૈશાખ સુદ બીજ આવી ને મંગલ વધાઈ લાવી... સવારના ચાર વાગ્યાથી ચારેકોર જન્મવધાઈના આનંદનો કોલાહલ થઈ રહ્યો હતો. આજના કાર્યક્રમની મંગલ શરૂઆતમાં સૌથી પહેલાં ગુરુદેવ જિનમંદિરે આવીને વહાલા સીમંધરનાથને ભેટયા... જાણે લાડીલો પુત્ર ધર્મપિતાના આશીર્વાદ લેવા આવ્યો... આનંદથી દર્શન કરીને ભક્તિથી અર્ઘ ચડાવ્યો. ત્યારબાદ ગુરુદેવ સુશોભિત મંડપમાં પધાર્યા... ને હજાર જેટલા ભક્તો વાજાં સહિત આનંદથી જન્મવધાઈ ગાતાં ગાતાં ગુરુદેવના દર્શને આવ્યા. મંડપમાં અતિશય ભીડ વચ્ચે સૌએ શ્રીફળ વગેરે ભેટ ધરીને જન્મોત્સવની મંગળ વધાઈ લીધી... પૂ. બેનશ્રીબેને ઉમંગથી ગુરુદેવના જન્મોત્સવની વધાઈ ગવડાવી અને પછી ગુરુદેવની સ્તુતિ થઈ. ગુરુદેવે માંગળિક સંભળાવ્યું. ત્યારબાદ જિનમંદિરમાં ઉત્સાહથી સમૂહ પૂજન થયું. પૂજન બાદ પ્રવચન મંડપમાં ‘આત્મધર્મ’ ના “જન્મોત્સવ અંક” નું પ્રકાશન થયું... માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ ઝવેરીએ પૂ. ગુરુદેવના કરકમળમાં તે અંક સમર્પણ કર્યો. પછી પૂ. ગુરુદેવનું

અદ્‌ભૂત પ્રવચન થયું. પ્રવચનમાં લાઠી શહેરના ઠાકોર સાહેબ વગેરે પણ આવ્યા હતા. બીજના પ્રવચનમાં બોધીબીજની સુંદર વાર્તા સાંભળતાં મુમુક્ષુઓને પ્રસન્નતા થતી હતી. પ્રવચન પછી આજના મંગલ જન્મોત્સવ નિમિત્તે ગુરુદેવ પ્રત્યે બહુમાન અને તેઓશ્રીનો મહિમા વ્યક્ત કરતા ભાષણો થયા હતા. પ્રથમ આત્માર્થી ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે પોતાના મધુર ભાષણમાં ગુરુદેવના જીવનના મુખ્ય પ્રસંગો વર્ણવીને કહ્યું હતું કે ગુરુદેવના જીવનમાં પહેલેથી જ ભવઅંતના ભણકાર વાગતા હતા... ને ગુરુદેવની વાણીનું અમૃત ઝીલીને આપણે ભવઅંતનું સાધન કરવાનો અવસર મળ્યો છે. કુંદકુંદદેવના આ લઘુનંદને દર્શનમૂલક ધર્મનું સ્વરૂપ સમજાવીને આ કાળે આપણા ઉપર મહા ઉપકાર કર્યો છે. આવા પૂ. ગુરુદેવનો આજે જન્મોત્સવ છે તે મુમુક્ષુઓને માટે મોક્ષમાર્ગના પુર્નજન્મનો ઉત્સવ છે, તે મુમુક્ષુઓને માટે અંતર નિર્ણયના જન્મનો ઉત્સવ છે ને ભવઅંતના પુરુષાર્થને પ્રગટ કરવાનો ઉત્સવ છે. ત્યારબાદ વિદ્વાન ભાઈશ્રી ખીમચંદ જે. શેઠે ભાષણ કરતાં પોતાની જોસદાર શૈલિથી ગુરુદેવનો મહિમા પ્રસિદ્ધ કરતાં કહ્યું હતું કે–જેમ અત્યારસુધી એ વાત પ્રસિદ્ધ છે કે જો કુંદકુંદચાર્યદેવે વિદેહક્ષેત્રે જઈને સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાનવડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત? –તેમ અત્યારે આપણે માટે તો ગુરુદેવનો એવો મહાન ઉપકાર છે કે જો વિદેહક્ષેત્રથી પધારીને આવા પરમ સત્યમાર્ગનો ઉપદેશ ન આપ્યો હોત તો આપણે આવા પરમ સત્ય માર્ગને આ કાળે ક્યાંથી પામત?

ત્યારબાદ માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરીએ પોતાની શાંતશૈલિથી ગુરુદેવનો મહિમા કરતાં કહ્યું કે આપણે સ્તુતિમાં ઘણીવાર બોલીએ છીએ કે “અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો, જિન–કુંદ–ધ્વનિ આપ્યાં... અહો તે ગુરુ કહાનનો!” ખરેખર ગુરુદેવે પરમ સત્ય જૈનધર્મને આજે જીવંત કર્યો છે... જૈનધર્મનું ખરું રહસ્ય તેમણે ખોલ્યું છે. છહઢાળામાં પં. દૌલતરામજીએ કહેલા વીતરાગ વિજ્ઞાનની તેમને લગની લાગી છે, અને તેનું સ્વરૂપ તેઓ સમજાવી રહ્યા છે... આવા ગુરુદેવની આજે ૭૪મી જન્મજયંતી અહીં લાઠીમાં આપણે ઊજવી રહ્યા છીએ... આ પ્રસંગે આપણે સૌ ભાવના ભાવીએ કે ગુરુદેવ ચિરાયુ હો... ને તેમની મંગલછાયામાં આપણે આત્મહિત સાધીએ.

ભાષણો પછી ૭૪ મા જન્મોત્સવની ખુશાલીમાં ગામેગામના મુમુક્ષુઓએ ૭૪ રૂા. ની રકમો જાહેર કરી હતી. જેમાં શેઠશ્રી નવનીતભાઈ તથા શેઠશ્રી પૂરણચંદજી તરફથી ૭૪ની પચીસ પચીસ રકમો (૧૮૫૦ રૂા.) નોંધાવવામાં આવેલ, લગભગ ૧૫૦૦૦ રૂા. નોંધાયા હતા. આ પ્રસંગે ગામેગામથી જન્મોત્સવની વધામણીના અનેક સન્દેશા આવેલ તે સંભળાવવામાં આવ્યા હતા. બપોરે ભક્તિ પછી આજના જન્મોત્સવની ખુશાલીમાં ઉમંગભરી રથયાત્રા નીકળી હતી. રથયાત્રા વખતે સૌને ઘણો હર્ષ હતો, હથેળીમાં નૃત્યનું દ્રશ્ય ઉલ્લાસકારી હતું. રાત્રે ભક્તિ ભજનનો કાર્યક્રમ હતો. આમ લાઠી શહેરમાં શિખર પ્રતિષ્ઠાનો અને ગુરુદેવની જન્મજયંતિનો ઉત્સવ આનંદથી ઊજવાયો હતો. આવો મહાન સુઅવસર પ્રાપ્ત કરવા માટે લાઠીના મુમુક્ષુઓને ધન્યવાદ. બીજે દિવસે સવારમાં સીમંધર ભગવાનના દર્શન–સ્તવન કરીને ગુરુદેવ સુરેન્દ્રનગર પધાર્યા હતા.

**સુરેન્દ્રનગરઃ-** વૈશાખ સુદ ત્રીજે પૂ. ગુરુદેવ સુરેન્દ્ર નગર પધારતાં ભવ્ય સ્વાગત થયું. અહીંના જિનમંદિરમાં જિનેંદ્રદેવની પ્રતિષ્ઠાનો ૧૦મો વાર્ષિકોત્સવ પણ આજે જ હતો તેથી હાથી ઉપર જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને રથયાત્રા પણ સાથે જ નીકળી હતી. અને આજના ઉત્સવની ખુશાલીમાં રાત્રે સતી અનંતમતીનો વૈરાગ્યપ્રેરક સંવાદ થયો હતો.

**લખતરઃ-** વૈશાખ સુદ છઠ્ઠના રોજ પૂ. ગુરુદેવ લખતરના ભાઈઓની વિનંતિથી લખતર પધાર્યા હતા. સવારમાં પૂ. ગુરુદેવ પધારતાં ત્યાંના ભાઈઓએ ઉત્સાહથી સ્વાગત કર્યું હતું અને પ્રવચન પણ ત્યાં થયું હતું. ગુરુદેવ લખતર પધારતાં ભાઈ શ્રી શિવલાલ મનજીભાઈ

વગેરેએ ખૂબ ઉત્સાહથી બધી વ્યવસ્થા કરી હતી, તેમજ ગામના અનેક ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યાં આહાર કરીને ગુરુદેવ સુરેન્દ્રનગર પધાર્યા હતા ને બીજે દિવસે સવારમાં જોરાવરનગર પધાર્યા હતા.

# જોરાવરનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

પૂ. ગુરુદેવના પ્રતાપે જોરાવરનગરમાં સુંદર દિ. જિનમંદિર લગભગ ૬૫, ૦૦૦ રૂા. ના ખર્ચે તૈયાર થયું છે, તેમાં જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવાયો. પ્રથમ વૈશાખ સુદ પાંચમે પ્રતિષ્ઠા મંડપમાં શ્રી જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને ઝંડારોપણ થયું. ઝંડારોપણ ભાઈશ્રી અનુપચંદ છગનલાલ ઉદાણીના હસ્તે થયું હતું તથા ભાઈશ્રી મનમોહનદાસ છોટાલાલ ગાંધીએ ભગવાનને મંડપમાં બિરાજમાન કર્યા હતા. તે જ દિવસે વીસવિહરમાન તીર્થંકરોનું મંડલવિધાન શરૂ થયું હતું. વૈશાખ સુદ સાતમે પૂ. ગુરુદેવ જોરાવરનગર પધારતાં હાથી ઉપર ધર્મધ્વજ સહિત ભવ્ય સ્વાગત થયું હતું. સ્વાગત બાદ વીસ વિહરમાન પૂજન પૂર્ણ થઈને અભિષેક થયો હતો. બપોરના પ્રવચન પછી જલયાત્રા નીકળી હતી. સુદ આઠમની સવારમાં નાંદી વિધાન તથા ઇન્દ્રપ્રતિષ્ઠા, આચાર્યઅનુજ્ઞા અને ઇન્દ્રોદ્વારા પંચપરમેષ્ઠી વગેરેનું પૂજન થયું હતું. તેમાં સીમંધરાદિ ભગવંતો ઋદ્ધિધારી મુનિવરો વગેરેનું પૂજન કરતાં આનંદ થતો હતો. રાત્રે કુમારિકા બહેનોદ્વારા વીરજિનેન્દ્રની સ્તુતિપૂર્વક પંચકલ્યાણકના ભાવદ્રશ્યોનો પ્રારંભ થયો હતો. ભગવાન મહાવીરનો જીવ પૂર્વભવે અચ્યુત સ્વર્ગમાં બિરાજમાન છે, તેમના ગર્ભાવતરણને છ માસ બાકી છે ત્યારે સૌધર્મઇન્દ્રની સભામાં દેવો તે સંબંધી ચર્ચા કરે છે, કુબેર રત્ન વૃષ્ટિની આજ્ઞા કરે છે, કુમારિકા દેવીઓ આવીને ત્રિશલામાતાની સેવા કરે છે, માતા ૧૪ મંગલ સ્વપ્નો દેખે છે– ઇત્યાદિ દ્રશ્યો જોતાં સૌને આનંદ થતો હતો. ખરેખર જિનેન્દ્રદેવ તીર્થંકર પરમાત્માના પંચકલ્યાણક એ જગતનો સૌથી મહાન મંગલ અવસર છે. એનાં પાવન દ્રશ્યો મુમુક્ષુના અંતરમાં ધર્મભાવનાની ઉર્મિ જગાડે છે. ઇંદોરના પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રી બધા પ્રસંગોના ભાવો સમજાવતા હતા. વૈશાખ સુદ ૯ની સવારમાં સિદ્ધાર્થ રાજાના દરબારમાં ત્રિશલાદેવીનું આગમન, ૧૬ સ્વપ્ન અને તેના ફળનું વર્ણન, સ્વર્ગમાં ઇન્દ્રો અને દેવોદ્વારા ભગવાનના અવતારનો મહિમા અને ગર્ભસ્થિત તીર્થંકરનું પૂજન, કુમારિકા દેવીઓ દ્વારા માતાની સેવા તથા તેમની સાથે ચર્ચા વગેરેના ભાવભીના દ્રશ્યોપૂર્વક ગર્ભકલ્યાણક ઉત્સવ ઊજવાયો હતો. આ પંચકલ્યાણક વિધિમાં માતા–પિતા તરીકે શ્રી પોપટલાલ મોહનલાલ વોરા તથા સૌ. રંભાબેન હતા; અને સૌધર્મઇન્દ્ર તથા શચીઇન્દ્રાણી તરીકે શ્રી અમુલખભાઈ લાલચંદ શેઠ તથા સૌ. કંચનબેન હતા. આ ઉપરાંત બીજા સાત ઇન્દ્રો તથા કુબેરની સ્થાપના કરવામાં આવી હતી. રાત્રે ભજનનો કાર્યક્રમ હતો.

વૈશાખ સુદ દશમ એ મહાવીરપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકનો દિવસ છે; એ જ દિવસે વીરપ્રભુનો જન્મકલ્યાણક ઊજવાયો. સવારમાં સૌધર્મેન્દ્રની સભામાં તીર્થંકરપ્રભુના જન્મોત્સવની ખુશાલી થાય છે, ને ઇન્દ્ર હાથી લઈને જન્માભિષેક માટે આવે છે, બીજી તરફ સિદ્ધાર્થ રાજાને પુત્રરત્નના જન્મની વધાઈ મળે છે ને ત્યાં આનંદ મંગળની વધાઈ ગવાય છે, શચીઇન્દ્રાણી બાલ તીર્થંકરને તેડીને ઇન્દ્રને આપે છે, –વગેરે દ્રશ્યો આનંદકારી હતા. જન્માભિષેકનું જાુલૂસ ઘણું સુશોભિત હતું. મેરુ ઉપર આનંદપૂર્વક જન્માભિષેક થયો. –આ બધાય દ્રશ્યોમાં બાલ તીર્થંકરપ્રભુને દેખીને ભક્તોને ઘણી પ્રસન્નતા થતી હતી. ચારે કોર આનંદ મંગળનું વાતાવરણ છવાયેલું હતું. અભિષેક પ્રસંગે પૂ. ગુરુદેવ પણ મેરુપર્વત ઉપર પધાર્યા હતા ને પ્રસન્નતાપૂર્વક બાલતીર્થંકરને નીહાળતા હતા. મેરુ ઉપર બાલતીર્થંકરની પાસે ઉભેલા ગુરુદેવનું દ્રશ્ય અનેરું હતું. જન્માભિષેક કરીને પાછા આવ્યા બાદ

ઇન્દ્ર–ઇન્દ્રાણી વગેરેએ ભક્તિપૂર્વક પ્રભુસન્મુખ તાંડવ નૃત્ય કર્યું હતું. બપોરે બાલતીર્થંકર વીરપ્રભુનું પારણાઝુલન ઇન્દ્ર–ઇન્દ્રાણી તેમજ હજારો ભક્તોએ ઘણા ભાવપૂર્વક કર્યું હતું. ગુરુદેવ પણ એ પ્રસંગે ઉપસ્થિત હતા. રાત્રે બાલ્યાવસ્થામાં વીરપ્રભુનો વનવિહાર, તે વખતે મોટો સર્પ દેખવા છતાં તેમની નિર્ભયતા, રાજસભામાં અનેક રાજાઓ દ્વારા વીરકુમારને ભેટ, માતા–પિતા દ્વારા વિવાહનો પ્રસ્તાવ ને વીરકુમારદ્વારા તેનો ઇન્કાર કરીને, જાતિસ્મરણજ્ઞાન પૂર્વક દીક્ષાનો નિર્ણય વગેરે દ્રશ્યો થયા હતા. બીજે દિવસે ( વૈ. સુ. ૧૧ ) સવારમાં વીરપ્રભુના વૈરાગ્યના દ્રશ્યોપૂર્વક તપકલ્યાણક ઉત્સવ ઉજવાયો હતો. ભગવાનને વૈરાગ્ય થતાં લોકાંતિકદેવો દ્વારા સ્તુતિ અને સંબોધન, ઇન્દ્રોનું આગમન, તપકલ્યાણક માટે વનગમન, ત્યાં બાલબ્રહ્મચારી વીરપ્રભુની દીક્ષા, અને દીક્ષાવનમાં ગુરુદેવનું વેરાગ્યપ્રવચન થયું હતું. ભગવાનના તપકલ્યાણકની ભવ્ય વનયાત્રા મુમુક્ષુહૃદયોમાં પણ વૈરાગ્યભાવનાઓ જગાડતી હતી. બપોરના પ્રવચન પછી અજમેરની ભજનમંડલી દ્વારા શ્રી મહાવીર મુનિરાજની ભક્તિ–ભજનનો કાર્યક્રમ હતો. રાત્રે મુનિદશામાં મહાવીરપ્રભુ ઉપર એક રૂદ્રદેવદ્વારા ઘોર ઉપસર્ગ અને વીરપ્રભુની અડગ ધીરતા વગેરેના દ્રશ્યો તેમજ ભક્તિ થઈ હતી. વૈ. સુદ ૧૨ ની સવારે વર્દ્ધમાન મુનિરાજના આહારદાનનો પ્રસંગ ભાઈશ્રી ચીમનલાલ હિંમતલાલને ત્યાં થયો હતો. આનંદકારી આહારદાન પ્રસંગ દેખીને હજારો ભક્તોને ઘણી જ પ્રસન્નતા થતી હતી, ને સૌ ભક્તિપૂર્વક આહારદાનનું અનુમોદન કરતા હતા. આહારદાનની ખુશાલીમાં શ્રી ચીમનલાલભાઈ તરફતી રૂા. ૫૦૦૧ ) જાહેર કરવામાં આવ્યા હતા, બીજા અનેક ભક્તો તરફથી પણ રકમો જાહેર થઈ હતી. બપોરે ગુરુદેવના પવિત્ર હસ્તકમલથી ૧૮ જિનબિંબો ઉપર અંકન્યાસવિધિ થઈ હતી. ગુરુદેવના હસ્તે જિનદેવની પ્રતિષ્ઠાનું મંગલદ્રશ્ય દેખીને ચારેકોર આનંદમંગળનું વાતાવરણ ફેલાઈ ગયું હતું ને પૂ. બેનશ્રીબેન ઉલ્લાસથી જિનેન્દ્ર પ્રતિષ્ઠાનું મંગલગીત ગવડાવતા હતા. ત્યારબાદ થોડીવારમાં ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનું દ્રશ્ય થયું હતું ને સમવસરણની રચના તથા ઇન્દ્રોનું આગમન થયું હતું. સમવસરણમાં દિવ્યધ્વનીમાં ભગવાન મહાવીરે શું કહ્યું–તેનો સાર ગુરુદેવે બપોરના પ્રવચનમાં સમજાવ્યો હતો.

પ્રવચન બાદ, ઇન્દ્રોએ સમવસરણસ્થિત મહાવીર પરમાત્માનું પૂજન કર્યું હતું તથા ભક્તિ ભજનનો કાર્યક્રમ હતો રાત્રે પણ ભજનનો કાર્યક્રમ હતો. વૈ. સુદ ૧૩ની સવારે મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકના દ્રશ્યો થયા હતા. આ રીતે પંચકલ્યાણક પૂર્ણ થયા હતા. પંચકલ્યાણકના પ્રત્યેક દ્રશ્યો તીર્થંકર પ્રભુના જીવનનું સ્મરણ કરાવીને ધર્મસાધનાની ભાવનાઓ જગાડતા હતા. અહા, મહા ભાગ્યે કહાન ગુરુના પ્રતાપે વારંવાર આવા પંચકલ્યાણકના પાવન દ્રશ્યો જોવાનું ને ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. સૌથી પહેલાં સં. ૧૯૯૭માં ( સમવસરણ વખતે ), પછી વીંછીયા, લાઠી, રાજકોટ, સોનગઢ, પોરબંદર, મોરબી, વાંકાનેર, લીંબડી, મુંબઈ, જામનગર અને આ જોરાવરનગર– એમ અત્યાર સુધીમાં કુલ ૧૩ વખત પંચકલ્યાણક મહોત્સવ ગુરુદેવની મંગલ છાયામાં ઊજવાયા છે. જોરાવરનગરમાં પંચકલ્યાણક આનંદોલ્લાસપૂર્વક ઊજવાયા હતા; અહીંના ભાઈશ્રી અમુલખ લાલચંદ, અનુપચંદ છગનલાલ, ચીમનલાલ હિંમતલાલ, મનમોહનદાસ છોટાલાલ ગાંધી તથા પોપટલાલ મોહનલાલ વોરા વગેરે ભાઈઓએ ઘણા ઉત્સાહ અને ઉદારતાથી સુંદર વ્યવસ્થા કરીને મહોત્સવ શોભાવ્યો હતો.

વૈ. સુદ તેરસે પંચકલ્યાણકની પૂર્ણતા બાદ લગભગ સવા અગિયાર વાગે જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની સ્થાપના, શાસ્ત્રજીની સ્થાપના તથા કળશ અને ધ્વજારોહણ થયું હતું. હજારો ભક્તોના હર્ષભર્યા જયનાદ વચ્ચે ગુરુદેવે જિનેન્દ્ર ભગવંતોને વેદી ઉપર સ્થાપિત કર્યા હતા. નીચેની વેદીમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ તથા આસપાસમાં શ્રી સીમંધરપ્રભુ અને પાર્શ્વનાથપ્રભુ બિરાજે છે, તેમજ શ્રી મહાવીરપ્રભુ તથા શાંતિનાથપ્રભુ

બિરાજે છે, ને ઉપરના ભાગમાં શ્રી નેમિનાથપ્રભુ બિરાજે છે, ભગવંતોની સ્થાપના શ્રી પોપટલાલ મોહનલાલ વોરા, ચીમનલાલ હિંમતલાલ શાહ, મનમોહનદાસ છોટાલાલ ગાંધી, અનોપચંદ છગનલાલ ઉદાણી, નેમિદાસ ખુશાલદાસ અને ગોકળદાસ શિવલાલ (હા. લેરીબેન) દ્વારા થઈ હતી. સૌએ ઘણા ભક્તિભાવથી ભગવંતોને બિરાજમાન કર્યા હતા. શાસ્રજીની સ્થાપના શેઠ પુરણચંદજી (મુંબઈવાળા) હસ્તે થઈ હતી. તથા કલશ અને ધ્વજારોહણ શ્રી અમુલખભાઈ લાલચંદ તથા ત્રંબકલાલ હિંમતલાલના હસ્તે ઘણા ઉલ્લાસપૂર્વક થયું હતું. પોતાની નગરીના આંગણે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થતાં જોરાવરનગરના બધા ભાઈઓ હર્ષોલ્લાસથી નાચી ઊઠયા હતા; ભગવંતોની પ્રતિષ્ઠાના કાર્યમાં સૌએ ઘણા ઉલ્લાસથી ભાગ લીધો હતો. પ્રતિષ્ઠા બાદ ગુરુદેવ સહિત સૌએ જિનેન્દ્ર ભગવંતોને અર્ઘ ચઢાવ્યો હતો ને ભક્તિ થઈ હતી. બપોરે શાંતિયજ્ઞ તથા પ્રવચન બાદ આભારવિધિ અને સન્દેશાવાંચન થયું હતું. પછી જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા ઘણી નીકળી હતી. હાથી વગેરે અનેકવિધ સાજથી રથયાત્રા ઘણી શોભતી હતી. રાત્રે જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. –આમ ઘણા આનંદોલ્લાસપૂર્વક જિનેન્દ્ર ભગવાનનો પંચકલ્યાક પ્રતિષ્ઠા મહોત્સવ સંપૂર્ણ થયો હતો. આ પ્રતિષ્ઠામાં કુલ ૧૮ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ હતી, ને રૂા. એક લાખ આઠ હજાર જેટલી આવક થઈ હતી. આમ જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો તેરમો પંચકલ્યાણક મહોત્સવ ઊજવીને બીજે દિવસે (વૈ. સુ. ૧૪) સવારમાં જિનમંદિરમાં દર્શન તથા ભક્તિ કરીને પૂ. ગુરુદેવ જોરાવરનગરથી વઢવાણ શહેર પધાર્યા. જોરાવરનગરમાં આવો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ ઊજવવા માટે ત્યાંના સર્વે મુમુક્ષુઓને અભિનંદન.

**વઢવાણ શહેર:-** વૈશાખ સુદ ૧૪ના રોજ વઢવાણ શહેર પધારતાં ભવ્ય સ્વાગત થયું. સાથે સાથે હાથી ઉપર શ્રી જિનેન્દ્રદેવની ગજયાત્રા પણ નીકળી હતી. આ સ્વાગતપ્રસંગે અજમેરની ભજનમંડળી પણ સાથે હતી, તેથી ભગવાનની રથયાત્રા અને સ્વાગતનો પ્રસંગ ઉલ્લાસકારી હતો. અહીં જિનમંદિરમાં સીમંધરાદિ ભગવંતો બિરાજે છે. બપોરે પૂ. ગુરુદેવના પ્રવચન બાદ પ્રવચરના મંડપમાં જ જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને ભક્તિ થઈ હતી. રાત્રે પણ અજમેરની ભજનમંડળીના ભક્તિ–ભજનનો કાર્યક્રમ હતો. પૂ. ગુરુદેવ વઢવાણ શહેરમાં ત્રણ દિવસ રહીને વૈશાખ વદ બીજની સવારે લીંબડી શહેર પધાર્યા હતા. નૂતન પ્રતિષ્ઠિત શ્રી મહાવીરભગવાનનું તેમજ ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. લીંબડી શહેરમાં ત્રણ દિવસ રહીને ગુરુદેવ વૈશાખ વદ પાંચમે દેહગામ પધાર્યા. હવે સૌરાષ્ટ્રમાંથી ગુજરાતમાં આવ્યા.

**દેહગામમાં વેદીપ્રતિષ્ઠા મહોત્સવ:** પૂ. ગુરુદેવ દેહગામ (વૈશાખ વદ પાંચમે) પધારતાં ગુજરાત સૌરાષ્ટ્રની જનતાએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. ગુરુદેવ અહીં ચાર દિવસ બિરાજ્યા અને તેમની મંગલછાયામાં નૂતન જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ બહુ જ ઉલ્લાસથી ઊજવાયો. આ નુતન જિનમંદિર લગભગ રૂા. ૫૫૦૦૦) ના ખર્ચે તૈયાર થયું છે. પાંચમની સવારમાં મંગલપ્રવચન બાદ ભાઈશ્રી ડાહ્યાલાલભાઈએ પ્રતિષ્ઠામંડપમાં જિનબિંબ (સીમંધર ભગવાન) ને બિરાજમાન કર્યા અને શ્રી ભીખાલાલભાઈ તથા હીરાભાઈના હસ્તે ઝંડારોપણ થયું. બપોરે પ્રવચન બાદ શ્રી ચોસઠઋદ્ધિ મંડલવિધાન પૂજન થયું. બીજે દિવસે સવારમાં આચાર્યઅનુજ્ઞા, ઇન્દ્રપ્રતિષ્ઠા, નાંદીવિધાન વગેરે વિધિ થઈ હતી. અહીં બાર ઇન્દ્રોની સ્થાપના થઈ હતી. ચોસઠ ઋદ્ધિવિધાન પૂજન સમાપ્ત થતાં અભિષેક થયો હતો. બપોરે પ્રવચન પછી યાગમંડલવિધાન થયું હતું. વૈશાખ વદ સાતમના રોજ સવારે પ્રવચન બાદ જલયાત્રાનું ભવ્ય જુલૂસ (ઇન્દ્રો સહિત) નીકળ્યું હતું. સાંજે જિનમંદિર તથા વેદી–કળશ–ધ્વજ શુદ્ધિની વિધિ ઇન્દ્રો વગેરેના હસ્તે થઈ હતી. વૈશાખ વદ આઠમના રોજ સવારે લગભગ સાડાદસ વાગે શ્રી જિનમંદિરમાં વેદીપર શ્રી જિનેન્દ્રભગવંતોને અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક બિરાજમાન કરવામાં આવ્યા હતા. મૂળનાયક ભગવાન શ્રીવર્દ્ધમાનસ્વામીની સ્થાપના ભાઈ શ્રી કેશવલાલ ગુલાબચંદના સુપુત્રો અંબાલાલભાઈ, બાબુ–

ભાઈ તથા પ્રવીણભાઈએ કરી હતી, ને તેની ખુશાલીમાં તેમના તરફથી રૂા. ૫૦૦૧ ) પ્રતિષ્ઠાફંડમાં આપવામાં આવ્યા હતા. બાજુમાં શ્રી શાંતિનાથ પ્રભુની સ્થાપના ભાઈશ્રી ભીખાલાલ મગનલાલે કરી હતી ને તેના ઉલ્લાસમાં તેમણે રૂા. ૩૦૦૧ ) અર્પણ કર્યા હતા; બીજી ભાજુ શ્રી આદિનાથ પ્રભુની સ્થાપના ભાઈશ્રી ડાહ્યાભાઈ સોમચંદ તથા તેમના ભાઈએ કરી હતી ને તેના ઉલ્લાસમાં તેમણે પણ રૂા. ૩૦૦૧ ) અર્પણ કર્યા હતા. આ ઉપરાંત ધાતુના શ્રી સીમંધરસ્વામીની પ્રતિમાનું સ્થાપન શાહ બબાલાલ હેમચંદ તથા મણીલાલ હેમચંદે કર્યું હતું ને તેના ઉલ્લાસમાં તેમણે રૂા. ૨૦૦૧ ) આપ્યા હતા. બધાય જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠામાં ગુરુદેવ પણ ભક્તિ પૂર્વક હસ્ત લાગડીને ભાગ લેતા હતા. ને ગુરુદેવના હસ્તે જિનેન્દ્રદેવોનું સ્થાપન થતું દેખીને સૌને ઘણો હર્ષ થતો હતો. જિનેન્દ્રદર્શન માટે ચારેકોર બેસુમાર ભીડ હતી. આ ઉપરાંત શ્રી સમયસારજી પરમાગમની સ્થાપના ગુરુદેવના હસ્તે ૐ કરાવીને શેઠશ્રી પુરણચંદજી ગોધીકાએ કરી હતી–જેની ઉછામણી તેમણે રૂા. દસહજારને એકમાં લીધી હતી. બરાબર આજે સોનગઢના સ્વાધ્યાય મંદિરમાં સમયસારજીની પવિત્ર સ્થાપનાને પચીસ વર્ષ પૂર્ણ થતા હતા, ને એ જ દિવસે અહીંના જિનમંદિરમાં જિનેન્દ્રદેવની તથા સમયસારની સ્થાપના થતી હતી. જિનમંદિર ઉપર કળશ તથા ધ્વજારોહણ આનંદોલ્લાસપૂર્વક થયું હતું. ઉછામણીમાં રૂા. ૪૦૦૧ ) બોલીને કલશારોહણ ભાઈશ્રી ગાંધી મફતલાલ હાથીચંદ તથા કોદરલાલ હાથીચંદે કર્યું હતું, ને રૂા. ૪૫૦૧ ) ની ઊછામણી બોલીને ધ્વજારોહણ ભાઈશ્રી ભીખાલાલ મગનલાલ તથા તેમના સુપુત્ર હીરાલાલભાઈએ કર્યું હતું. આમ આનંદપૂર્વક જિનમંદિરમાં જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠાનો મહોત્સવ ગુરુદેવની છાયામાં ઊજવાયો હતો. આ પ્રસંગમાં દેહગામના ભાઈઓએ તેમજ આસપાસના ગુજરાતના અનેક ગામોના ભાઈઓએ ઉલ્લાસથી ભાગ લીધો હતો; દેહગામના ઇતિહાસમાં આવો મોટો મહોત્સવ આ પહેલો વહેલો જ હતો. લગભગ પાંચ હજાર જેટલા માણસો આવ્યા હતા. પોતાના આંગણે ભગવંતોને બિરાજમાન દેખીને ભક્તોના હૈયા આનંદ અને ભક્તિથી નાચી ઊઠયા હતા. દેહગામનું જિનમંદિર મુખ્ય રસ્તા ઉપર ભવ્ય અને સુશોભિત છે. બપોરે શાંતિયજ્ઞ તથા આભારવિધિ બાદ સાંજે જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી, જેમાં મહાન હર્ષોલ્લાસપૂર્વક હજારો ભક્તજનોએ ભાગ લીધો હતો, રથયાત્રા સજધજપૂર્વક નીકળી હતી. રથયાત્રાના અનેક સાજની ઉછામણી ઉત્સાહપૂર્વક થઈ હતી. જેમાં હાથી ઉપર સમયસારજી, ધર્મધ્વજ, રથમાં જિનેન્દ્રદેવ, ચામર, સારથી, ૧૫ જોડી ચામર, ૪ છડી, ૧૨ રીક્ષામાં ઇન્દ્ર–ઇન્દ્રાણી, ૧૬ સ્વપ્નોના પાંચ સેટ ( કૂલ ૮૦ સ્વપ્નો ) તથા અષ્ટમંગલના ૪ સેટ–વગેરે અનેક વસ્તુની ઉછામણી થઈ હતી. સેંકડો સાજબાજથી રથયાત્રા ઘણી આનંદભરી હતી. રથયાત્રામાં હર્ષ અને ભક્તિથી અનેક ભક્તો નાચી ઊઠતા હતા. રથમાં જિનેન્દ્રભગવાન સીમંધર પરમાત્મા શોભતા હતા. હાથી ઉપર પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂ. બેન શાન્તાબેનના સુહસ્તમાં સમયસાર શોભતું હતું; તેમજ પં. શ્રી હિંમતભાઈ અને શેઠશ્રી પૂરણચંદ્રજી પણ જૈનધર્મધ્વજ ફરકાવતા હાથી ઉપર બેઠા હતા. આજે વૈશાખ વદ આઠમ... કુદરતનો કેવો સુમેળ! –કે આજથી બરાબર પચીસ વર્ષ પહેલાં આ દિવસે જ જેમના સુહસ્તે સોનગઢના સ્વાધ્યાયમંદિરમાં સમયસાર પરમાગમની સ્થાપના થઈ, આજે પચીસવર્ષે બરાબર એ જ દિવસે ગજરાજ ઉપર તેમના જ સુહસ્તમાં સમયસાર શોભી રહ્યું છે. ૮૦ સ્વપ્નો, ૩૨ અષ્ટમંગળ, ૧૫ ચામર, ૪ છડી, જિનેન્દ્રદેવનો રથ, હાથી પર સમયસાર તથા જૈન ઝંડો, રીક્ષાગાડીમાં બાર ઇન્દ્રોની સવારી, બે કેરિયર, અને પાંચેક હજાર ભક્તજનોના હર્ષભર્યા જયનાદથી ગૂંજતી રથયાત્રા ઘણી જ પ્રભાવક હતી.

આમ અત્યંત હર્ષોલ્લાસથી પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થયો હતો. મહોત્સવમાં રૂા. પંચાશી હજાર જેટલી આવક થઈ હતી. આ મહોત્સવથી ગુજરાતમાં ઘણી પ્રભાવના થઈ હતી. દેહગામમાં આવો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવા બદલ ત્યાંના ભાઈઓએ અભિનંદન! અને આ મહોત્સવ શોભાવવા માટે ગુજરાતના ભાઈઓને ધન્યવાદ! પ્રતિષ્ઠા મહોત્સવ બાદ બીજે દિવસે સવારમાં

જિનમંદિરમાં દર્શન–સ્તવન કરીને પૂ. ગુરુદેવ દેહગામથી અમદાવાદ તરફ પધાર્યા હતા. વચ્ચે નરોડા ગામે પોણી કલાક રોકાઈને ત્યાંના જિનમંદિરના દર્શન કર્યા હતા, તથા સમયસાર ગા. ૨૦૬ ઉપર અડધી કલાક પ્રવચન કર્યું હતું.

**અમદાવાદમાં જિનમંદિરના શિલાન્યાસનો ઉત્સવ:** વૈશાખ વદ નોમે પૂ. ગુરુદેવ અમદાવાદ પધારતાં ઉત્સાહભર્યું ભવ્ય સ્વાગત થયું... પ્રવચનમાં સમયસાર કર્તા–કર્મ–અધિકાર વંચાયો હતો. પ્રવચનમાં રાજનગરની જૈન જનતાએ વિશાળ સમુદાયમાં રસપૂર્વક ભાગ લીધો હતો. પ્રવચનમાં ત્રણચાર હજાર માણસો થતા હતા. વૈશાખ વદ ૧૧ના રોજ ખાડીયા વિસ્તારમાં આવેલ જગ્યામાં શ્રીપાર્શ્વનાથ દિ. જિનમંદિરના શિલાન્યાસનો ઉત્સવ ઘણા ઉલ્લાસપૂર્વક થયો હતો. મુંબઈ તેમજ ગુજરાત–સૌરાષ્ટ્રમાંથી અનેક ભાઈઓ આ મંગલપ્રસંગમાં ભાગ લેવા આવ્યા હતા. સવારમાં પ્રવચન પછી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળીને જિનમંદિરના પ્લોટમાં આવી હતી ને ત્યાં પૂજનાદિ વિધિ બાદ પૂ. ગુરુદેવના સુહસ્તે શિલા ઉપર મંગળ સ્વસ્તિક કરાવીને ભાઈશ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરીના સુહસ્તે ઘણા આનંદોલ્લાસ પૂર્વક જિનમંદિરનું શિલાન્યાસ થયું હતું. ગુરુદેવની મંગલછાયામાં મહાગુજરાતના આ મુખ્ય શહેરમાં વીતરાગી દિ. જૈનધર્મના પાયા નંખાયા તે પ્રસંગે ચારેકોર હજારો ભક્તોની બેસુમાર ભીડ વચ્ચે જયજયનાદ ગાજી રહ્યા હતા. ભાઈશ્રી નવનીતલાલભાઈને આ મંગલકાર્ય કરતાં ઘણો ઉત્સાહ હતો; તેમની સાથે તેમના ધર્મપત્ની અ. સૌ. નિર્મળાબહેને પણ ઉત્સાહથી શિલાન્યાસવિધિમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત મુંબઈના પ્રમુખ શ્રી મણિલાલભાઈ, શેઠ પૂરણચંદજી ગોધિકા, પુનમચંદ મલુકચંદ, કલ્યાણભાઈ લાલભાઈ, શુકનરાજજી, મલુકચંદભાઈ વગેરે ભાઈઓએ પણ ઉત્સાહપૂર્વક શિલાન્યાસવિધિમાં સાથ પૂરાવ્યો હતો. પૂ. બેનશ્રી–બેનના પવિત્ર હસ્તે પણ શિલાન્યાસ થયું હતું. અમદાવાદ મુમુક્ષુમંડળના બધા ભાઈ–બહેનોને આ પ્રસંગે અનેરો ઉત્સાહ હતો. શિલાન્યાસ બાદ આવું મહા મંગળકાર્ય કરવાનો સુઅવસર પોતાને મળ્યો, તેના હર્ષોલ્લાસમાં ભાઈશ્રી નવનીતલાલભાઈ તરફથી રૂા. ૨૫૦૦૧ ( પચીસ હજારને એક ) અમદાવાદ દિ. જિનમંદિરને અર્પણ કરવામાં આવ્યા હતા; એ જ રીતે ભાઈશ્રી પુનમચંદ મલુકચંદ છોટાલાલ તરફથી પણ રૂા. ૨૫૦૦૧ ) તથા ખીમચંદ જેઠાલાલ શેઠ હા. મણિભાઈ તરફથી રૂા. ૧૦,૦૦૧ ) શેઠ પૂરણચંદજી ગોધિકા તરફથી રૂા. ૧૦, ૦૦૧ ) તથા શેઠ હસ્તીમલજી શુકનરાજ તરફથી રૂા. ૧૧,૦૦૧ ) જાહેર કરવામાં આવ્યા હતા. બીજી પણ અનેક રકમો જાહેર થઈ હતી, એકંદર રૂા. એક લાખ ઉપરાંત રકમ શિલાન્યાસ પ્રસંગે થઈ હતી. અમદાવાદ જેવા ભારતના અગ્રગણ્ય શહેરમાં ભવ્ય જિનમંદિર થાય તે માટે સૌને ઘણો જ ઉત્સાહ છે. અમદાવાદના આંગણે ગુરુદેવની મંગલ છાયામાં આવો સુઅવસર પ્રાપ્ત કરવા માટે અમદાવાદના મુમુક્ષુઓને અભિનંદન !

**[એક નોંધ: આત્મધર્મના ગતાંકમાં વાંકાનેરમાં સ્વાધ્યાયમંદિરના શિલાન્યાસ સંબંધી સમાચારમાં કુલ રૂા. ૩૩ હજારનું ફંડ થયાની જે વિગત જણાવી છે તેમાં, પ્રારંભમાં શ્રી હેમચંદભાઈ ગાંધી તરફથી આવેલ રૂા. ૫૦૦૧ ) ( પાંચ હજાર એક ) નો પણ સમાવેશ થઈ જાય છે.]**

વૈશાખ વદ ૧૩ના રોજ સવારમાં અમદાવાદથી પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ દાહોદનગરમાં પધાર્યા. અહીંના ઉત્સાહી સમાજે ઉમંગભેર ગુરુદેવનું સ્વાગત કર્યું. સ્વાગત પ્રસંગે બે જિનમંદિરોના દર્શન કર્યાં. અહીં કુલ ચાર જિનમંદિરો છે. સવારે સ્વાગત પછી મંગલાચરણમાં સિદ્ધોની સ્થાપનાની સુંદર વાત ગુરુદેવે કરી હતી. બપોરે પ્રવચનમાં ખુલ્લા ચોગાનમાં બે હજાર જેટલા માણસોની મેદની થઈ હતી, દાહોદના સમાજે ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રવચન પછી નવા જિનમંદિરમાં ઉલ્લાસભરી ભક્તિ થઈ હતી. નાના–મોટા સેંકડો ભાઈબેનો ઉત્સાહથી ભક્તિમાં ભાગ લેતા હતા, તે જોઈને આનંદ થતો હતો. સાંજે સાડા પાંચ વાગે પૂ. ગુરુદેવે દાહોદથી સરદારગઢ પ્રસ્થાન કર્યું હતું.

ત્યાંથી બીજે દિવસે સવારમાં સોનકચ્છ ગામે પધાર્યા હતા. ત્યાં ઉત્સાહભર્યું સ્વાગત થયું હતું. સાંજે પ્રસ્થાન કરીને શિહોર ( SHEHORE ) આવ્યા હતા, ને વૈશાખ વદ અમાસના રોજ ભોપાલશહેર પધાર્યા હતા.

### ભોપાલ શહેરમાં જિનબિંબવેદી પ્રતિષ્ઠામહોત્સવ:

ભોપાલ શહેરમાં વિશાળ મુમુક્ષુમંડળ છે, અને પ્રભાવના માટે ત્યાંના મુમુક્ષુઓ ઉત્સાહ ધરાવે છે. શ્રી બિહારીલાલજી ચૌધરીના ધર્મપત્ની સૌ. શ્રીમતી શક્કરબાઈ તરફથી શાંતિનાથપ્રભુનું એક નૂતન દિ. જૈનમંદિર તથા કુંદકુંદ સ્વાધ્યાય ભવન ( લગભગ ૬૦ હજાર રૂા. ના ખર્ચે ) નિર્માણ કરાવ્યું છે. તેમાં વેદી પ્રતિષ્ઠા તથા સ્વાધ્યાય ભવનનું ઉદ્‌ઘાટન તેમજ વિશાળ આધ્યાત્મિક સંમેલનનો ભવ્ય મહોત્સવ તા. ૨૩ થી ૨૭ ( વૈ. વદ અમાસથી જેઠ સુદ પાંચમ ) સુધી ઊજવાયો. આ પ્રસંગે ભોપાલના મુમુક્ષુમંડળની ખાસ વિનંતિથી પૂ. ગુરુદેવ વૈશાખ વદ અમાસે ભોપાલ શહેરમાં પધાર્યા. મધ્યપ્રદેશના આ મુખ્ય નગરમાં પાંચ હજાર જેટલી જૈન જનતાએ ઉલ્લાસથી ગુરુદેવનું સ્વાગત કર્યું. જિનમંદિરમાં દર્શન કર્યા બાદ, સ્વાગત–સરઘસની સાથે સાથે જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા પણ સંમિલિત થઈ. ભગવાનનો રથ સફેદ ઘોડા સહિત ઘણો સુંદર હતો. ભવ્ય રથયાત્રા નગરીમાં ફરીને બેનરજી ચોકમાં શાંતિનાથ નગરના વિશાળ સુશોભિત પ્રતિષ્ઠા મંડપમાં આવી. ત્યાં પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી તથા શ્રી ડાલચંદજી શેઠ વગેરેએ સ્વાગત પ્રવચનો કર્યા બાદ ગુરુદેવે સમયસારની પહેલી ગાથા ઉપર માંગલિક સંભળાવ્યું. ચારેબાજુના અનેક ગામોથી હજારો જિજ્ઞાસુઓ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા આવ્યા હતા, ને ઘણા જ ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે ઉત્સવ ઉજવવાનો હતો. પ્રતિષ્ઠા મંડપની બાજુમાં ઝરનાવાલા જિનમંદિરમાં અનેક જિનબિંબો બિરાજે છે. તેમાં ૧૫ ફૂટના વિશાળ ખડ્‌ગાસન પ્રતિમાઓની ત્રિપુટીના દર્શનથી આનંદ થાય છે. અહીં મધ્યપ્રદેશના નાણાપ્રધાન શ્રી મિશ્રિલાલજી ગંગવાલ–જેઓ આ પહેલાં અનેકવાર ગુરુદેવના પરિચયમાં આવી ગયા છે ને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ ધરાવે છે–તેમના બંગલામાં ગુરુદેવનો ઉતારો હતો. ગુરુદેવ પ્રત્યે તેઓ ઘણો ભાવ ધરાવે છે, ને ગુરુદેવના નિકટ સહવાસથી તેમને તથા તેમના પરિવારને ઘણી પ્રસન્નતા થઈ હતી. બપોરે સમયસાર–કર્તાકર્મ અધિકાર ઊપર ગુરુદેવે પ્રવચનો શરૂ કર્યા હતા–પ્રવચનમાં દસેક હજાર માણસો થયા હતા. પ્રવચન પછી મંડપમાં બિરાજમાન શાંતિનાથ ભગવાનની ભક્તિ પૂ. બેનશ્રી–બેને કરાવી હતી. રાત્રે બૃહત્‌ આધ્યાત્મિક સમ્મેલનના ઉદ્‌ઘાટનનો સમારંભ થયો હતો. જેમાં મધ્યભારતના રાજ્યપાલ શ્રી એચ. વી. પાટસ્કર તેમજ પ્રધાનમંડળના સભ્યો ઉપરાંત નગરીના હજારો માણસો ઉપસ્થિત હતા. શરૂઆતમાં મંગલાચરણ તથા સ્વાગત પ્રવચન બાદ આધ્યાત્મિક સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી પાટસ્કરજીએ આધ્યાત્મિકતાનો મહિમા બતાવતા કહ્યું કે આધ્યાત્મિકતા એ ભારતવર્ષની એક વિશિષ્ટ પરંપરા છે; આત્મા શું છે, તે ક્યાંથી આવ્યો, ક્યાં જશે ? એ એક મહત્ત્વનો સવાલ છે; રશિયા કે અમેરિકાએ અવકાશમાં રોકેટ છોડયું એમાં ભૌતિક પ્રગતિ ભલે હો પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ તેમાં કાંઈ પ્રગતિ નથી; જો આધ્યાત્મિક વિષય તરફ ધ્યાન ન જાય તો શાંતિ નથી મળતી, ને સંઘર્ષ તથા હિંસા થાય છે. હું પ્રસન્નતા અનુભવું છું કે આજે અહીં આવું મહાન આધ્યાત્મિક સમ્મેલન પ્રારંભ થયું છે, ને આવા અચ્છા સંત મહાત્મા અહીં પધાર્યા છે તે આપણી સબની પુણ્યાઈ છે. આવા આધ્યાત્મિક સમ્મેલનમાં સંમિલિત થવાનું હું મારું કર્તવ્ય સમજું છું. મને વિશ્વાસ છે કે અહીં જે પવિત્ર કાર્ય થઈ રહ્યું છે તેનો બધો લોકો લાભ ઉઠાવશે.”

રાજ્યપાલશ્રીના ઉદ્‌ઘાટન પ્રવચન બાદ પૂ. ગુરુદેવે આધ્યાત્મિક સંમેલનમાં ઉપસ્થિત દશેક હજાર જેટલી જનતાને ઉદ્‌બોધન કરતાં સુંદર પ્રવચન વીસ મિનિટ સુધી કર્યું હતું; જેમાં नमः समयसाराय એ મંગલશ્લોક ઉપર પ્રવચન કરતાં અધ્યાત્મવિદ્યાનું સ્વરૂપ અને તેનો સર્વોત્કૃષ્ટ મહિમા સમજાવ્યો હતો. તેઓશ્રીની

અધ્યાત્મરસઝરતી શાંત વાણી સાંભળતાં હજારો માણસો ખૂબ પ્રસન્ન થયા હતા; તેઓશ્રીએ કહ્યું હતું કે સંસારની સર્વ વિદ્યામાં ચૈતન્યની આત્મવિદ્યા સર્વશ્રેષ્ઠ છે. અધ્યાત્મવિદ્યા વિના બીજા કોઈ ક્રિયાકાંડમાં જન્મમરણનો નાશ કરવાની તાકાત નથી. सा विद्या या विमुक्तए–વિદ્યા તેનું નામ કે જેનાથી મુક્તિ થાય. જેનાથી ૮૪ના અવતારનું પરિભ્રમણ થાય તે કુવિદ્યા છે, વિકાર અને આત્માની એકત્વબુદ્ધિરૂપ જે ગ્રંથિ છે તે કુવિદ્યા છે. સ્વાનુભૂતિ વડે આત્માને જાણવો તે અધ્યાત્મ વિદ્યા છે ને તે વિદ્યા મોક્ષનું કારણ છે. સંસારની અનેકવિદ્યા જીવ અનંતવાર શીખ્યો છે પણ જન્મમરણનો જેનાથી અંત આવે એવી અધ્યાત્મવિદ્યા–સ્વાનુભૂતિરૂપ વિદ્યા તે ક્ષણમાત્ર શીખ્યો નથી. અંતર્મુખ થઈને રાગથી ભિન્ન ચૈતન્યની સ્વાનુભૂતિ વડે તે અધ્યાત્મવિદ્યાનું ઉદ્ઘાટન થાય છે, ને જ્યાં આવી અધ્યાત્મવિદ્યાનું ઉદ્ઘાટન થયું ત્યાં અલ્પકાળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ જરૂર થાય છે. –માટે આવી અધ્યાત્મવિદ્યા શીખવા જેવી છે.

ત્યારબાદ મધ્યભારતના વિત્તમંત્રી શ્રી મિશ્રિલાલજી ગંગવાલે–અધ્યાત્મવિદ્યાનો અને સંતનો મહિમા દર્શાવતાં પોતાના ભાષણમાં કહ્યું કે: આજે આપણે સૌભાગ્યનો દિવસ છે કે હમારે બીચમેં હમારે દેશકે મહાન સંત પૂ. કાનજીસ્વામી બિરાજમાન છે, –જેઓ આ આધ્યાત્મિક સંમેલનમાં તથા ધાર્મિક મહોત્સવમાં આશીર્વાદ દઈને મોક્ષનો પરમ શ્રેષ્ઠ રસ્તો બતાવશે. આ ભૌતિક સાધનના બનાવટી જીવનમાં અટવાયેલા જીવોને શાંતિનો સાચો રસ્તો બતાવવા માટે સન્તો ભૂમિ ઉપર વિચરે છે, તે રીતે પૂ. સ્વામીજી સૌરાષ્ટ્રથી અહીં પધાર્યા છે; તેઓ આધ્યાત્મિક સન્દેશ સંભળાવવા આવ્યા છે; મને વિશ્વાસ છે કે અહીંની જનતા આવા આધ્યાત્મિક સંમેલનનો લાભ ઉઠાવશે ને સ્વામીજીનો સન્દેશ ઝીલીને આધ્યાત્મિક શક્તિની બઢવારી દ્વારા આપણા મહાન દેશની શક્તિ વધારશે.

આ પ્રસંગે આધ્યાત્મિક સંમેલન નિમિત્તે બીજા અનેક વિદ્વાનોના પણ અધ્યાત્મ વિષયો ઉપર ભાષણ થતા હતા; સાથે સાથે વેદી પ્રતિષ્ઠાની વિધિ પણ ( જલયાત્રા, યાગમંડલ–વિધાન વગેરે ) ચાલુ હતી... અનેક ત્યાગીઓ તથા વિદ્વાનો અને હજારો શ્રોતાજનોથી સભાનો દેખાવ ભવ્ય હતો. જેઠ સુદ ૪ના પ્રવચન બાદ શ્રી મિશ્રિલાલજી ગંગવાલે ભજનોવડે ભક્તિ કરાવી હતી. અજમેરની ભજનમંડળી પણ આવી હતી.

જેઠ સુદ પાંચમ–શ્રુતપંચમી એ પ્રતિષ્ઠાનો દિવસ હતો. સવારમાં ભગવાનની ભવ્ય રથયાત્રા ઝરનાવાલા મંદિરેથી ( પ્રતિષ્ઠા મંડપથી ) નીકળીને મુખ્ય બજારોમાં થઈને ચોકના નવા મંદિરે આવી હતી. પ્રતિષ્ઠિત થનાર શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજીથી રથ ઘણો શોભતો હતો, તેમાંય રથયાત્રામાં થોડીવાર ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ રથમાં બેઠા ત્યારે રથયાત્રાનું વાતાવરણ ઘણું આનંદોલ્લાસમય બની ગયું હતું. ઉત્તમ રથી અને ઉત્તમ સારથી વડે રથયાત્રા શોભતી હતી. જિનમંદિર પાસે હજારો ભક્તો ખૂબજ ઉત્સુકતાથી ભગવાન પધારવાની રાહ જોઈ રહ્યા હતા. લગભગ ૧૦ વાગે રથયાત્રા જિનમંદિરે પહોંચી ને ભગવાનને નીહાળતાં ચારેકોર જય જયકાર ગાજી રહ્યા. ભગવાન જિનમંદિરમાં કમળથી સુસજ્જિત વેદી ઉપર બિરાજયા, એ વખતે જિનમંદિરના પ્રાંગણમાં હજારો ભક્તોની ભીડ ઉભરાઈ રહી હતી. શાંતિનાથ ભગવાનની વેદીપ્રતિષ્ઠા બાદ, કુંદકુંદસ્વાધ્યાય ભવનમાં શ્રુતજ્ઞાનની પ્રતિષ્ઠા પૂ. ગુરુદેવના મંગલહસ્તે થઈ. સમયસાર અને ષટ્ખંડાગમને ગુરુદેવે ભક્તિપૂર્વક બિરાજમાન કર્યા. ત્યારબાદ માંગલિક સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે–આજે શ્રુતપંચમીનો મહાન દિવસ છે, ને અહીં શ્રુતજ્ઞાનની સ્થાપના પણ આજે જ થાય છે. અમારા સૌરાષ્ટ્રમાં ગીરનારની ચંદ્રગૂફામાં શ્રીધરસેનાચાર્ય બિરાજતા હતા, તેઓ ભગવાનની પરંપરાથી આવેલા શ્રુતના જાણનાર હતા; તે શ્રુતજ્ઞાન તેમણે પુષ્પદંત અને ભૂતબલિ નામના મુનિઓને આપ્યું. તે મુનિઓએ તેની ષટ્ખંડાગમરૂપે રચના કરી ને પછી આજના દિવસે શ્રુતપંચમીના રોજ અંકલેશ્વરમાં તે શ્રુતજ્ઞાનની ઘણા મોટા ઉત્સવ પૂર્વક ચતુર્વિધ સંઘે પૂજા કરી; એ રીતે શ્રુતજ્ઞાનના

ઉદ્‌ઘાટનનો આજનો દિવસ છે, આપણે પણ આજે જ અહીં સ્વાધ્યાયભવનનું ઉદ્‌ઘાટન અને શ્રુતની સ્થાપના થાય છે, તે માંગળિક છે. –આ રીતે સ્વાધ્યાયભવનમાં ગુરુદેવનું માંગળિક સાંભળીને સૌને ઘણો આનંદ થયો હતો. આ રીતે ભોપાલ શહેરમાં ભગવાનની વેદીપ્રતિષ્ઠાનો અને સ્વાધ્યાયભવનના ઉદ્‌ઘાટનનો તથા આધ્યાત્મિક સંમેલનનો ઉત્સવ ઉજવાયો હતો. આવો સુઅવસર પ્રાપ્ત કરવા માટે અને ઉત્સાહથી ઉજવવા માટે ભોપાળ શહેરના મુમુક્ષુ મંડળને ધન્યવાદ! રાત્રે ભોપાલના જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનન્દનપત્ર સમર્પણ કરવામાં આવ્યું હતું. બીજે દિવસે સવારમાં ગુરુદેવ વિદર્ભ–ભેલસા નગર પધાર્યા હતા.

ભેલસા નગરની બાજુમાં શીતલનાથ ભગવાનની કલ્યાણકભૂમિ છે. ભેલસામાં ગુરુદેવનું સ્વાગત, બપોરે પ્રવચન તથા શીતલનાથ ભગવાનની ભક્તિ થઈ હતી. તથા સ્વાધ્યાયભવનનું શિલાન્યાસ ગુરુદેવના સુહસ્તે થયું હતું. જેઠ સુદ સાતમની સવારમાં ગુરુદેવ ઇન્દોર શહેર પધાર્યા હતા.

ગુરુદેવ ઇન્દોર પધારતાં ત્યાંના જૈનસમાજે ભવ્ય સ્વાગત કર્યું હતું. અહીંના વિશાળ જિનમંદિરો ને તેમાં બિરાજમાન ભવ્ય જિનબિંબોના દર્શનથી આનંદ થાય છે. સ્વાગતમાં દસેક હજાર માણસો હતા. ગુરુદેવનો ઉતારો શીશમહલમાં હતો. બપોરે શાંતિનાથપ્રભુના મંદિરમાં (કાચની કારીગરીવાળા મંદિરમાં) ભાવભીની ભક્તિ પૂ. બેનશ્રીબેન કરાવતા હતા. ભક્તિ વખતે ભીડથી મંદિર ઊભરાતું હતું. જેઠ સુદ ૯ની સવારમાં ઇન્દોરની એક સોસાયટી (તિલકનગર) માં નવા જિનાલયનું શિલાન્યાસ કરવા ગુરુદેવ પધાર્યા હતા. પૂ. ગુરુદેવ ઇન્દોર શહેરમાં ચાર દિવસ રહ્યા હતા. તે દરમિયાન ઇન્દોરની જનતાએ હજારોની સંખ્યામાં પ્રવચન તથા રાત્રિચર્ચામાં લાભ લીધો હતો. જેઠ સુદ દસમની સવારમાં ગુરુદેવ ઇન્દોરથી ૨૪ માઈલ દૂર બનેડીયા ગામે જિનમંદિરના દર્શન કરવા પધાર્યા હતા; તથા કાચના મંદિરમાં પૂ. બેનશ્રીબેને સમૂહપૂજન કરાવ્યું હતું. આ મંદિરનો અદ્‌ભુત વૈભવ જોઈને સૌને આનંદ થતો હતો. જેઠ સુદ દસમના બપોરના પ્રવચન પછી ઇન્દોર જૈનસમાજ તરફથી આભાર માનતાં પં. શ્રી બંસીધરજી શાસ્ત્રી તથા શ્રી મિશ્રિલાલજી ગંગવાલે ભાવભીના સુંદર પ્રવચનો કરીને ગુરુદેવનો મહિમા પ્રસિદ્ધ કર્યો હતો, જે સાંભળીને શ્રોતાજનોને ઘણી પ્રસન્નતા થઈ હતી. જેઠ સુદ ૧૧ની સવારમાં જિનમંદિરમાં દર્શન કરીને પૂ. ગુરુદેવ ઉજ્જૈન તરફ પધાર્યા હતા.

ગુરુદેવ ઉજ્જૈન પધારતાં ભવ્ય સ્વાગત થયું હતું. સ્વાગતપ્રવચનો અને ગુરુદેવના મંગલપ્રવચન બાદ અહીંના નવા બંધાયેલા કુંદકુંદ જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન જોરાવરનગરવાળા ભાઈશ્રી ચીમનભાઈના હસ્તે થયું હતું, તથા તેના ઉપરના ભાગમાં જિનાલયનું શિલાન્યસ થયું હતું. આ બંને પ્રસંગના હર્ષોલ્લાસમાં શ્રી ચીમનલાલભાઈએ રૂા. ૫૦૦૧) ઉજ્જૈન મુમુક્ષુમંડળને અર્પણ કર્યા. પૂ. ગુરુદેવનો ઉતારો લાલચંદજી શેઠને ત્યાં વિનોદમિલમાં હતો. બપોરે અડધી કલાક પ્રવચન બાદ સ્વાધ્યાયમંદિરમાં જિનવાણીમાતાની ભક્તિ પૂ. બેનશ્રીબેને કરાવી હતી. હવે અહીં વર્ષાનો પ્રારંભ થઈ ગયો હતો. બપોરે એક થીએટરમાં પ્રવચન થયું હતું. પ્રવચન બાદ જૈન સમાજ તરફથી શેઠ લાલચંદજીના હસ્તે ગુરુદેવને અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું. પ્રવચન પછી જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. બીજે દિવસે ગુરુદેવ ઉજ્જૈનથી સનાવદ પધાર્યા હતા, ત્યાં સુંદર સ્વાગત થયું હતું. સનાવદની પાસે ૧૪ માઈલ ૫૨ સિદ્ધવરકૂટ સિદ્ધક્ષેત્ર છે. અહીં આવતાં આ રળિયામણા ઉપરાંત સિદ્ધક્ષેત્રની યાત્રાના મધુર સ્મરણો તાજા થયા... ને ગુરુદેવને પણ ફરીને એ સિદ્ધધામના દર્શનની ઉર્મિ જાગી... તરત જ સિદ્ધક્ષેત્રની વંદનાનો કાર્યક્રમ નક્કી થયો ને ગુરુદેવ સહિત સો જેટલા યાત્રિકો ૐકારેશ્વરઘાટ પહોંચ્યા... નૌકામાં બેસીને સિદ્ધવરકૂટ પહોંચ્યા ને ત્યાં સિદ્ધવરકૂટ સિદ્ધિધામના આનંદપૂર્વક દર્શન–પૂજન કર્યા. ગુરુદેવ સાથે ફરીને આ સિદ્ધિધામની યાત્રાથી પૂ. બેનશ્રીબેન વગેરેને આનંદ થયો હતો. યાત્રા કરીને બપોરે સનાવદ આવી ગયા ને ગુરુદેવનું પ્રવચન થયું. પ્રવચન બાદ

જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. બીજે દિવસે (જેઠ સુદ ૧૩ના રોજ) પૂ. ગુરુદેવ ખંડવા પધારતાં ઉમંગભર્યું સ્વાગત થયું હતું. સ્વાગતવિધિ બાદ સ. ગા. ૧૪ ઉપર સુંદર મંગલપ્રવચન થયું હતું. જેમાં ગુરુદેવે કહ્યું કે અધ્યાત્મની આવી વાર્તા પ્રેમથી સાંભળવી તે પણ મંગળ છે. ખંડવામાં ગુરુદેવ બે દિવસ રહ્યા હતા. પ્રવચન, જિનેન્દ્રભક્તિ વગેરે કાર્યક્રમોમાં સૌએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ખંડવાથી જેઠ સુદ ૧૫ની સવારમાં પ્રસ્થાન કરીને, પાવાગીર–ઉન સિદ્ધક્ષેત્ર તથા બડવાની સિદ્ધક્ષેત્રની વંદના કરીને પછી સોનગઢ તરફ પાછા ફરતાં રસ્તામાં સંતરોડ તથા અમદાવાદ થઈને પૂ. ગુરુદેવ જેઠ વદ ચોથ ને મંગળવાર (તા. ૧૧–૬–૬૩) ના રોજ સોનગઢ પધારી રહ્યા છે. આત્મધર્મના પાઠકો આ સમાચાર વાંચતા હશે ત્યારે સોનગઢમાં ગુરુદેવનું ભવ્ય સ્વાગત થઈ રહ્યું હશે ને ગુરુદેવના મંગલ આગમનથી સુવર્ણપુરીનું વાતાવરણ હર્ષોલ્લાસવંતુ બની ગયું હશે. ગુરુદેવની શીતળ મંગળ છાયામાં અધ્યાત્મરસઘોલન વડે આત્મહિત સાધીએ એ જ ભાવના.

## સમ્યગ્દ્રષ્ટિકા પંથ
## જગતસે નિરાલા હૈ.

**જગત બહિર્ વિષયોમાં એકાગ્ર થઈને રાગ-દ્વેષ-મોહમાં અટક્યું છે.**
**ધર્માત્મા સમ્યગ્દ્રષ્ટિ અંતર્‌વિષયમાં ચૈતન્યસ્વભાવમાં**
**એકાગ્ર થઈને મોક્ષમાર્ગ સાધે છે.**

## સમ્યગ્દર્શન પણ ચૈતન્યમાં
## એકાગ્રતાથી જ થાય છે.


**અંતરંગ અભ્યાસવડે પહેલાં ચૈતન્યની દ્રઢ શ્રદ્ધા કરવી જોઈએ.**
**ચૈતન્યની સમ્યક્‌શ્રદ્ધા કરતાં મોક્ષમાર્ગની શરૂઆત થઈ જાય છે.**
**તેમાં ચૈતન્યનો એકનો જ આશ્રય છે,**
**કોય અન્ય દ્રવ્યનો કિંચિત્ આશ્રય નથી.**

# આ... ત્મ... ધ... ર્મ

"આત્મધર્મ"ના વૈશાખ માસના ખાસ અંક બાબતમાં અનેક સાધર્મીઓએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી છે, તેઓની 'આત્મધર્મ' પ્રત્યેની સહૃદય લાગણી માટે આભાર. વૈશાખ માસના અંકની સેંકડો માંગણીઓ હજી આવી રહી છે, પરંતુ હવે તે અંકની પ્રતો સિલકમાં નથી. હવે એક રૂા. ભરનારને જેઠથી આસો સુધીના અંકો મોકલાશે. પૂ. ગુરુદેવ વિહારમાં હોવાથી, અને વિહારના લગભગ બધા સમાચાર આ અંકમાં આપવાના હોવાથી જેઠ માસનો આ અંક જરા વિલંબથી પ્રસિદ્ધ થાય છે. 'આત્મધર્મ' ને વધુ વ્યવસ્થિત ને વધુ સુંદર બનાવવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. આત્મધર્મના બાલવિભાગમાં ઘણા બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો છે, –તે માટે બાળકોને ધન્યવાદ! તેમને ભેટપુસ્તિકા મોકલી આપવામાં આવી છે.

વૈશાખ માસના અંક જેમને ડબલ મળ્યા હોય તેઓને તે પાછા મોકલવા વિનંતિ.


—બ્ર. હરિલાલ જૈન



પાવાગિર સિદ્ધક્ષેત્ર



બડવાની સિદ્ધક્ષેત્ર



મંગલવર્ધિની દ્વારા પૂ. ગુરુદેવનું સોનગઢમાં મંગલ આગમન

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને**
**મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.**